પાના ૮, કિંમત ૩.૨, તા. ૨૬-૦૧-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપદર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૩૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# દેશભરમાં ૭૭મા ગણતંત્ર પર્વ દિનની ભવ્યાતિભવ્ય ઉજવણી

## દિલ્હીમાં રાષ્ટ્રપતિ મુર્મૂએ તિરંગો ફરકાવ્યો : કરતવ્ય પથ પર શાનદાર પરેડનો અભૂતપૂર્વ નજારો

**નવી દિલ્હી, તા. ૨૬**

દેશ આજે તેનો ૭૭મો પ્રજાસત્તાક દિવસ ઉજવી રહ્યો છે. કર્તવ્ય પથ પર પરેડ ચાલુ છે. ઓપરેશન સિંદૂરમાં ઉપયોગમાં લેવાયેલા ઈન્ટિગ્રેટેડ કમાન્ડે પ્રદર્શન કર્યું. સુખોઈ અને રાફેલ સહિત ૨૯ વિમાનોએ ભાગ લીધો. પેરાટ્રૂપર્સ ઉતર્યા. સૂર્યાસ્ત્ર, MI-૧૭ હેલિકોપ્ટરમાંથી ફૂલો વરસાવ્યા હતા.

આ પૂર્વે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. આ દરમિયાન રાષ્ટ્રગીત વગાડવામાં આવ્યું. ૨૧

તોપોની સલામી આપવામાં આવી. ત્યારબાદ, ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાને અશોક ચક્ર એનાયત કરવામાં આવ્યું.

પ્રજાસત્તાક દિવસની પરેડના ચીફ ગેસ્ટ યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેન કર્તવ્ય પથ પર હાજર રહ્યા હતા.

કર્તવ્ય પથ પર મુખ્ય પરેડ શરૂ થઈ ગઈ છે. આ સમારોહ લગભગ ૯૦ મિનિટ ચાલ્યો હતો. આ વખતે મુખ્ય પરેડ વંદે માતરમ થીમ પર છે. સવારે પીએમ મોદીએ વોર મેમોરિયલ પર શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. પરેડ દરમિયાન, કર્તવ્ય પથ પર ૩૦ ઝાંખીઓ કાઢવામાં આવી રહી છે, જે 'સ્વતંત્રતાનો મંત્ર-વંદે માતરમ, સમૃદ્ધિનો મંત્ર-આત્મનિર્ભર ભારત' થીમ પર આધારિત છે. ગુજરાતના ટેબ્લોમાં વંદે માતરમ થીમ સાથે સ્વદેશી, આત્મનિર્ભરતા અને સ્વતંત્રતાના મંત્રનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મેડમ ભીખાજી કામા અને મહાત્મા ગાંધી પણ ચરખા કાંતતા જોવા મળ્યા હતા.

## અમેરિકામાં બરફના વાવાઝોડાથી ૨૦ રાજ્યોમાં ઈમરજન્સી જાહેર

**વોશિંગ્ટન, તા. ૨૬**

અમેરિકામાં રવિવારે બરફના વાવાઝોડાએ દેશભરમાં સ્થિતિ બગાડી દીધી છે. લગભગ ૧૦ લાખ ઘરોમાં વીજળી ગુલ છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦ રાજ્યો અને રાજધાની વોશિંગ્ટન ડીસીમાં ઈમરજન્સી જાહેર કરી દીધી છે. નેશનલ વેધર સર્વિસ (NWS) અનુસાર, વાવાઝોડું લગભગ ૩,૨૨૦ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલું છે. લગભગ ૨૧ કરોડ એટલે કે બે-તૃતીયાંશ અમેરિકનો આ વાવાઝોડાની ઝપેટમાં છે. ડેઈલી મેલ અનુસાર, ન્યૂયોર્ક સહિત દેશભરમાં અત્યાર સુધીમાં ૧૩ લોકોના મોત થયા હોવાના સમાચાર છે. ફ્લાઈટઅવેરના આંકડા મુજબ, શુક્રવારથી અત્યાર સુધીમાં ૩૧,૦૦૦થી વધુ ફ્લાઈટ્સને અસર થઈ છે. ૧૮,૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ ચૂકી છે. જ્યારે, રવિવારે ૧૦,૮૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ છે. નિષ્ણાતોનું કહેવું છે કે ફ્લાઈટ રદ થવા અને વિલંબની સમસ્યા ઘણા દિવસો સુધી ચાલુ રહી શકે છે. એરલાઈન્સે સોમવાર માટે દેશભરમાં ૨,૩૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરી દીધી છે.

## જમ્મુ-કાશ્મીરમાં પાક. ઘૂસણખોર ઠાર મરાયો

**નવી દિલ્હી, તા. ૨૬**

જમ્મુ-કાશ્મીરના સાંબામાં BSFએ રવિવારે મોડી રાત્રે એક પાકિસ્તાની ઘૂસણખોરને ઠાર માર્યો. સેનાના સૂત્રો અનુસાર, સાંબા જિલ્લામાં LoC પર સરહદ પારથી ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો, જેને નિષ્ફળ બનાવવામાં આવ્યો. હવે સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

આ તરફ, કઠુઆ જિલ્લામાં પણ LoC નજીક પાકિસ્તાની ડ્રોન જોવા મળ્યું. સેનાના સૂત્રો અનુસાર, આ ડ્રોન નિયમિત દેખરેખ દરમિયાન જોવા મળ્યું હતું. જવાબી કાર્યવાહીમાં એન્ટી-ડ્રોન સિસ્ટમ્સ સક્રિય કરવામાં આવી છે. ૨૦ જાન્યુઆરીએ પણ કઠુઆમાં જ સરહદ નજીક ડ્રોન જોવા મળ્યા હતા.

છેલ્લા ૧૫ દિવસમાં સરહદ નજીક ૬ વખત ડ્રોન જોવા મળ્યા છે. આ પહેલા ૧૭ જાન્યુઆરીની સાંજે લાઈન ઓફ કંટ્રોલ (LoC) ને અડીને આવેલા રામગઢ સેક્ટરમાં પણ ડ્રોન જોવા મળ્યું હતું. સેનાની જવાબી કાર્યવાહી બાદ ડ્રોન પાકિસ્તાન તરફ પાછું ફર્યું હતું.

તે જ રીતે, ૧૫ જાન્યુઆરીના રોજ રામગઢ સેક્ટરમાં એકવાર, ૧૩ જાન્યુઆરીના રોજ રાજૌરી જિલ્લામાં બે વાર ડ્રોન જોવા મળ્યા હતા. ૧૧ જાન્યુઆરીના રોજ નૌશેરા સેક્ટર, ધરમસાલ સેક્ટર, રિયાસી, સાંબા અને પૂંછના મંકોટ સેક્ટરમાં એકસાથે પાંચ ડ્રોન જોવા મળ્યા હતા. સેના અને સુરક્ષા એજન્સીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહી છે.

## જમ્મુ-કાશ્મીરમાં હવામાન સુધરતા નેશનલ હાઈવે ખુલ્યો

### હિમાચલમાં હિમવર્ષા ચાલુ-૨ દિવસ માટે યલો એલર્ટ, ૮૩૫ રસ્તો બંધ

**નવી દિલ્હી, તા. ૨૬**

ઉત્તર ભારતના હિમાલયી વિસ્તારોમાં હિમવર્ષા ચાલુ છે. જમ્મુ-કાશ્મીરમાં હળવી હિમવર્ષા ચાલુ રહી. હવામાન સુધર્યા બાદ શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે બે દિવસ પછી ખુલ્યો. કાશ્મીર ઘાટીમાં કડકડતી ઠંડી ચાલુ છે. ગુલમર્ગમાં તાપમાન માઈનસ ૧૦.૨ અને શ્રીનગરમાં માઈનસ ૧.૬ ડિગ્રી નોંધાયું. ફસાયેલા વાહનોને બહાર કાઢવા અને બરફ હટાવવાનું કામ ચાલુ છે.

હિમાચલ પ્રદેશના ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષાને કારણે ત્રણ નેશનલ હાઈવે સહિત ૮૩૫ રસ્તાઓ બંધ છે. લાહૌલ-સ્પીતિના તાબોમાં તાપમાન માઈનસ ૧૦ ડિગ્રી રહ્યું. રાજ્યભરમાં ૨ દિવસ સોમવાર અને મંગળવારે વરસાદ-હિમવર્ષાનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

યુપીના ૨૦ જિલ્લાઓમાં ૨૭ અને ૨૮ જાન્યુઆરીએ ૪૦-૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડું અને વરસાદનું એલર્ટ છે.

અનુસંધાન પાના ૭ પર

## આંતરરાષ્ટ્રીય બજારોમાં સોના, ચાંદીની કિંમતમાં ભારે ઉછાળો

### સોનાનો ભાવ ૫૦૮૦ ડોલર : ચાંદી પણ ઓલ ટાઈમ હાઈ

**નવી દિલ્હી, તા. ૨૬**

આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું પહેલીવાર ૫૦૦૦ ડૉલરને પાર, ચાંદીમાં પણ પ્રચંડ તેજીનો દોર

વૈશ્વિક બજારમાં અસ્થિરતા અને વધતા ભૌગોલિક તણાવ વચ્ચે કિંમતી ધાતુઓએ તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે. ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ જ્યારે ભારતમાં બજાર બંધ છે ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું અને ચાંદી બંને પોતપોતાની સર્વોચ્ચ સપાટી એટલે કે 'ઓલટાઈમ હાઈ' પર પહોંચી ગયા છે. રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોના-ચાંદી તરફ વળતા બજારમાં આશ્ચર્યજનક ઉછાળો જોવા મળ્યો છે.

સોનાના આંતરરાષ્ટ્રીય ભાવમાં આજે ૧.૬૨% નો ઉછાળો જોવા મળ્યો હતો. ઈતિહાસમાં પ્રથમવાર સોનું પ્રતિ ઔંસ $૫,૦૦૦ના મનોવૈજ્ઞાનિક સ્તરને પાર કરી ગયું છે. સમાચાર લખવા સુધીમાં સોનું પ્રતિ ઔંસ ૫૦૮૦ ડૉલરની નજીક પહોંચી ગયું હતું.

જ્યારે સોના કરતા પણ વધુ તેજી ચાંદીમાં જોવા મળી છે. ચાંદીના ભાવમાં એક જ દિવસમાં ૪.૫૧% નો તોતિંગ વધારો થયો છે. સમાચાર

અનુસંધાન પાના ૭ પર

# ગ્લોબલ વિલેજ તથા વુમન આંત્રપ્રિન્યોર એક્ઝિબિશનને જબરજસ્ત પ્રતિસાદ મળ્યો

## બે દિવસમાં ૧૮ હજારથી વધુ લોકોએ પ્રદર્શનોની મુલાકાત લીધી

સુરત, તા.૨૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૨૪, ૨૫ અને ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન સવારે ૧૦:૦૦ થી સાંજે ૭:૦૦ કલાક સુધી સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'ફૂડ એન્ડ બેવરેજીસ એક્ઝિબિશન', 'એસજીસીસીઆઈ ગ્લોબલ વિલેજ' તથા 'વુમન આંત્રપ્રિન્યોર એક્ઝિબિશન'નું સંયુક્ત આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રણે એક્ઝિબિશનને વેપારીઓ, ઉદ્યોગ જગત તેમજ નાગરિકો તરફથી ઉત્સાહભર્યો અને જબરજસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, એક્ઝિબિશનના પ્રથમ દિવસે કુલ ૫૭૮૦ લોકોએ મુલાકાત લીધી હતી, જેમાં સુરત બહારથી આવેલા ૬૫૦ વિઝિટર્સનો સમાવેશ થાય છે. જયારે રવિવારના રોજ બીજા દિવસે મુલાકાતીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. બીજા દિવસે કુલ ૧૨૩૪૦ લોકોએ એક્ઝિબિશનની મુલાકાત લઈ વિવિધ ઉત્પાદનોની ખરીદી કરી હતી, જેમાં સુરત બહારથી આવેલા ૮૩૦ જેટલા મુલાકાતીઓનો સમાવેશ થાય છે. આ રીતે માત્ર બે દિવસમાં જ કુલ ૧૮૧૨૦થી વધુ લોકોએ એક્ઝિબિશનની મુલાકાત લેતા પ્રદર્શનમાં ભાગ લેનારા એક્ઝિબિટર્સને જબરજસ્ત વ્યાવસાયિક પ્રતિસાદ મળી રહ્યો છે. ખાસ કરીને ફૂડ એન્ડ બેવરેજીસ સેક્ટર, હોમ ડેકોર, ફેશન તથા લાઈફસ્ટાઈલ ઉત્પાદનોને ખરીદદારો તરફથી વિશેષ પસંદગી મળી રહી છે.

સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગહલૌતે એમના પત્ની સાથે એક્ઝિબિટશનની મુલાકાત લીધી હતી. એવી જ રીતે સુરત શહેર ભાજપના પ્રમુખ શ્રી પરેશ પટેલે પણ આજરોજ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. રવિવારે ભારે ભીડને કારણે એક્ઝિબિશનનો સમય રાત્રે ૮ વાગ્યા સુધી એક કલાક વધારવામાં આવ્યો હતો. વુમન આંત્રપ્રિન્યોર એક્ઝિબિશનમાં ભાગ લેનારી મહિલા ઉદ્યોગ સાહસિકોને પણ ખરીદદારો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. મહિલા ઉદ્યોગ સાહસિકો દ્વારા રજૂ કરવામાં આવેલા નવીન ઉત્પાદનો, ગુણવત્તા અને ભાવને લઈ મુલાકાતીઓમાં

અનુસંધાન પાના ૭ પર

# બાળકોના અધિકારો માટેનો ઝોન કક્ષાનો વર્કશોપ યોજાયો

## વર્કશોપમાં સરકારી વિભાગોના અધિકારીઓ, શાળાના આચાર્યો અને શિક્ષકોએ ભાગ લીધો

સુરત, તા.૨૬

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા કામરેજ ખાતે આયોગના ચેરપર્સન સુશ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરના અધ્યક્ષસ્થાને 'બાળ અધિકારોઃ જાગૃતતા અભિયાન' અંતર્ગત એક વર્કશોપ યોજાયો હતો. 'સુરક્ષિત બાળક, સુવિકસિત ભારત'ના સંકલ્પ સાથે દક્ષિણ ગુજરાતના સુરત સહિત ભરૂચ, નવસારી, વલસાડ, તાપી અને ડાંગ એમ ૬ જિલ્લાના ૮૦૦ જેટલા પ્રતિનિધિઓ માટે આયોજિત વર્કશોપમાં બાળકોના સર્વાંગી વિકાસ અને કલ્યાણ માટે શિક્ષણ, સ્વાસ્થ્ય, સુરક્ષા અને સહભાગિતા જેવા ચાર મુખ્ય વિષયો પર અલગ અલગ નિષ્ણાંતો દ્વારા તાલીમ આપવામાં આવી હતી. વર્કશોપમાં પોલીસતંત્ર, વહીવટીતંત્ર અને વિવિધ વિભાગના અધિકારીઓ તેમજ શાળાના આચાર્યો, શિક્ષકો, પોલીસ વિભાગ, કાયદા વિભાગના અધિકારી-કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને બાળકોના અધિકારોની સુરક્ષા અંગે સૌ સંકલ્પબદ્ધ થયા હતા. ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષા શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જરે પ્રાસંગિક ઉદબોધન આપી બાળકોના સુરક્ષિત ભવિષ્ય માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બાળકોના અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી સરકારી વ્યવસ્થાતંત્ર, કુટુંબ અને સમગ્ર સમાજની સહિયારી છે એવો મત તેમણે વ્યક્ત કર્યો હતો.પ્રથમ સત્રમાં આયોગના સચિવ શ્રી

અનુસંધાન પાના ૭ પર

## સુરત મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશનર

# શ્રીમતી શાલિની અગ્રવાલ માટે ચેમ્બર ખાતે ભાવભર્યો વિદાય સમારોહ યોજાયો

## લોકો, એડમિનિસ્ટ્રેટિવ અને ઇલેક્ટીવ વિંગ ત્રણેય જ્યારે એકજ મેજ ઉપર હોય ત્યારે શહેર કેવી રીતે છલાંગ મારી શકે એનું જીવંત મોડલ એ સુરત શહેર છેઃ શાલિની અગ્રવાલ

સુરત, તા.૨૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ (IAS)ની વડોદરા ખાતે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.ના ચીફ તરીકે બદલી થવાના અનુસંધાને ચેમ્બર દ્વારા તેમના માટે એક ગૌરવપૂર્ણ વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શહેરના વિકાસમાં તેમના નોંધપાત્ર યોગદાનની નોંધ લઈને તેમને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

સમારોહમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શ્રીમતી શાલિની અગ્રવાલને શાલ ઓઢાડી સન્માનપત્ર અર્પણ કરીને તેમની સેવાઓ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી અને તેમના નવા કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા પૂર્વ પ્રમુખો શ્રી બી.એસ. અગ્રવાલ, શ્રી રાજેન્દ્ર ચોખાવાલા અને શ્રી અશોક શાહ તેમજ ચેમ્બરના ગ્રૂપ ચેરમેન અને સુરતના શાસક પક્ષના દંડક શ્રી ધર્મેશ વાણિયાવાલાએ શ્રીમતી શાલિની અગ્રવાલના કાર્યકાળ દરમિયાન થયેલા વિકાસાત્મક કાર્યો, નિર્ણય પ્રક્રિયા તેમજ નાગરિક કેન્દ્રિત અભિગમની પ્રશંસા કરી હતી. તેમના નેતૃત્વ હેઠળ સ્વચ્છતા, શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ ગવર્નન્સ તથા જાહેર સેવાઓમાં સુરત શહેરે નોંધપાત્ર પ્રગતિનો તેઓ દ્વારા ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

ચેમ્બર પ્રમુખ સહિતના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, શ્રીમતી શાલિની અગ્રવાલે મ્યુનિસિપલ કમિશનર તરીકે તેમના કાર્યકાળ દરમિયાન સરકારી તંત્ર અને ઉદ્યોગજગત વચ્ચે સકારાત્મક સંકલન સાધી શહેરના સર્વાંગી વિકાસને નવી દિશા આપી છે. તેમના કાર્યશૈલીમાં દ્રઢતા સાથે માનવ સંવેદનશીલતા જોવા મળી, જે સુરત શહેર માટે અત્યંત લાભદાયી સાબિત થઈ છે. શ્રીમતી શાલિની અગ્રવાલે સંબોધનમાં સુરત શહેર સાથે જોડાયેલા અનુભવોને સ્મરણ કરતા જણાવ્યું હતું કે, મેરીટ અને પરફોર્મન્સના આધારે આઈએએસ ઓફિસરને તક આપવામાં આવે છે, એ ગુજરાત સરકારની ખાસિયત છે. ચારથી પાંચ જિલ્લાઓમાં કલેકટર તરીકે કામ કર્યું અને ત્યારબાદ બે કોર્પોરેશનમાં મ્યુનિસિપલ કમિશનર તરીકે કાર્ય

અનુસંધાન પાના ૭ પર

# મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા રેલી યોજાઈ

## શિક્ષાપત્રી દ્વિશતાબ્દી જયંતી મહોત્સવ પ્રસંગે ભવ્ય અને દિવ્ય નગરયાત્રા

સુરત, તા.૨૬

ગ્રંથરત્ન શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં "શિક્ષાપત્રી વિજય યાત્રા રેલી" મણિનગર વિસ્તારમાં નીકળી હતી, જેમાં વિવિધ ફ્લોટો ઉપસ્થિત હતા. આ મહોત્સવ વિશ્વમાં ઊજવાઈ રહ્યો છે ત્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વહસ્ત લિખિત શિક્ષાપત્રીમાં કરેલ આજ્ઞા મુજબ તમામ જીવ પ્રાણી માત્ર સુખી થાય તે હેતુ રહેલો છે. હાલમાં અમદાવાદના બધા રાજમાર્ગોનું સમારકામ મોટે પાયે ચાલી રહ્યું છે; તેમાં વિક્ષેપ ન થાય તે માટે તકેદારી રાખી મણિનગર વિસ્તારમાં રેલીનું આયોજન કરેલ છે. ભારત સહિત અમેરિકા, લંડન, બોલ્ટન, આફ્રિકા, શીશલ્સ, ઓસ્ટ્રેલિયા, યુ.એસ.એ વિગેરે દેશોમાંથી આવેલા હરિભક્તો શિક્ષાપત્રી વિજય યાત્રા રેલીમાં જોડાયા હતા. રેલીમાં લંડન તેમજ અમદાવાદની વિશ્વ પ્રખ્યાત શ્રી મુકતજીવન સ્વામીબાપા સ્કોટીસ પાઈપ બેન્ડે ધાર્મિક વિશ્વશાંતિની ધૂન પ્રસરાવી હતી.

# રીઝર્વ બેંક અને વરાછા કો-ઓપ. લિ. બેંક દ્વારા સુરતમાં 'કોઈન મેળા-૨૦૨૬' યોજાયો

## કોઈન મેળામાં 'ચલણી નોટને જાણો' સેમિનાર પણ યોજાયો

સુરત, તા.૨૬

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) અને ધી વરાછા કો-ઓપ. બેંક લિ., સુરતના સંયુક્ત ઉપક્રમે સુરત શહેરના નાગરિકોમાં ચલણી નોટ અને સિક્કાઓ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુસર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શ્રેણીનો પ્રથમ કાર્યક્રમ તરીકે "કોઈન મેળા – ૨૦૨૬" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોઈન મેળાના માધ્યમથી નાગરિકોને રૂ. ૧૦ અને રૂ. ૨૦ ના સિક્કા તેમજ ચલણી નોટનું સરળતાથી વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોમાં સિક્કાઓ અંગે રહેલી ગેરમાન્યતાઓ દૂર કરી સિક્કાનો દૈનિક વ્યવહારમાં વધુ ઉપયોગ થાય તેવો પ્રોત્સાહન આપવાનો હતો. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના AGM શ્રી દિલીપ રાઠોડજી, AM શ્રી સુધીર ટીગરેજી તેમજ ધી વરાછા કો-ઓપ. બેંક લિ.ના ચેરમેનશ્રી ભવાનભાઈ નવાપરા, અગ્રણી ઉદ્યોગપતિશ્રી રાકેશભાઈ દુધાત અને જનરલ મેનેજરશ્રી વિઠ્ઠલભાઈ ધાનાણી સહિતના મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રગટાવા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સાથે નાગરિકો ચલણી નોટ વિશે વધુ માહિતી મેળવી શકે તથા નકલી નોટને ઓળખી શકે તે માટે "ચલણી નોટને જાણો" વિષય પર માહિતીસભર સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, અમદાવાદના ISSUE ડિપાર્ટમેન્ટના DGM શ્રીમતી સુનિતા મીના મેમની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ

અનુસંધાન પાના ૭ પર

# વિદ્યાર્થીની ફેરી ચૌહાણ વાર્તા સ્પર્ધામાં પ્રથમ ક્રમે ઝળકી

## વરીયાવની શાળા ક્રમાંક ૩૧૩નું ગૌરવ

સુરત, તા.૨૬

જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા નિપુણ ભારત અંતર્ગત વાર્તા કથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ બાળકોમાં અર્થગ્રહણ અને અભિવ્યક્તિનો વિકાસ થાય એ માટે શિક્ષણની સાથે વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત યોજાયેલ વાર્તા સ્પર્ધામાં વરીયાવની કવિશ્રી અમૃત ઘાયલ પ્રાથમિક શાળા ક્રમાંક ૩૧૩ ની ધોરણ ૪ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની ફેરી નિલેશકુમાર ચૌહાણે પ્રિપરેટરી સ્ટેજ: ૩ થી ૫ માં ક્લસ્ટર કક્ષાએ પ્રથમ ક્રમ મેળવી સુરત કોર્પોરેશનનાં બ્લોક કક્ષાએ પણ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાનાં શિક્ષક મનિષાબેન પટેલનાં માર્ગદર્શન દ્વારા ફેરી પોતાની અસરકારક અભિવ્યક્તિ અને વકતૃત્વ કળા સાથે જિલ્લા કક્ષાએ રાંદેર અને સેન્ટ્રલ ઝોનની શાળાઓનું પ્રતિનિધિત્વ કરશે. આચાર્ય અલ્પેશ પટેલે તેણીને સમગ્ર શાળા પરિવાર વતી અભિનંદન આપી આગામી સ્પર્ધામાં સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી .

# હરિપુરા ગામે નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ

## ૧ કિમી લાંબી પરાક્રમ રેલીમાં શાળાના બાળકો અને ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા

સુરત, તા.૨૬

નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૯મી જન્મજયંતી નિમિત્તે બારડોલી સ્થિત ઐતિહાસિક હરિપુરા ગામે 'પરાક્રમ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, નાટક, ચિત્ર સ્પર્ધા અને રેલી દ્વારા નેતાજીના બલિદાન અને શૌર્યને યાદ કરવામાં આવ્યું હતું. મહાનુભાવો દ્વારા ૧ કિમી લાંબી પરાક્રમ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું, જેમાં શાળાના બાળકો અને ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા. પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર (ઉદયપુર) ના નિયામક કુરકાન ખાનના જણાવ્યા અનુસાર કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રાલયના દિશાનિર્દેશમાં જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી આયોજિત આ કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા અને નેતાજીના જીવન પર આધારિત પ્રદર્શનથી થઈ હતી, જેનું ઉદ્ઘાટન સુરત જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જિ.પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવિનીબેન પટેલ, બ્લોક પ્રમુખ જમનાબેન રાઠોડ, પ્રાંત અધિકારી જીજ્ઞાબેન પરમાર, મામલતદાર કલ્પના પટેલ સહિતના મહાનુભાવોએ નેતાજીની

અનુસંધાન પાના ૭ પર

# નર્મદા જયંતિ નિમિત્તે ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સફાઇ ઝુંબેશ

## નર્મદા નદી કિનારાઓ પર બહેનો દ્વારા સેવા કાર્ય હાથ ધરાયું

ભરૂચ, તા.૨૬

નર્મદા જયંતિના પાવન અવસરે ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મા નર્મદા નદીના કિનારે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં ઉત્તાન ચેરિટેબલ ટ્રસ્ટની બહેનો દ્વારા ઉત્સાહ, સમર્પણ અને સેવાભાવ સાથે નદી કિનારાની વ્યાપક સફાઈ કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી પરેશ મેવાડા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે મા નર્મદા માત્ર ધાર્મિક આસ્થાનો વિષય નહીં પરંતુ આપણાં જીવન, પર્યાવરણ અને ભવિષ્યનો આધાર છે. તેથી તેમની સ્વચ્છતા અને સંરક્ષણ માટે સમાજના દરેક વર્ગે જવાબદારી સ્વીકારવી જરૂરી છે. કાર્યક્રમ દરમિયાન ઈશા મેવાડા પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે મહિલાઓ સમાજમાં જાગૃતિ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે અને આવા સ્વચ્છતા અભિયાનોથી નદી સંરક્ષણનો સંદેશ વધુ અસરકારક રીતે જનમાનસ સુધી પહોંચે છે.

તેમજ આ સ્વચ્છતા અભિયાનમાં વૈશાલી ચંદેલ, પ્રજાપતિ યશોદા, જ્યોતિ ચંદેલ, શીતલ વસાવા, પુષ્પા ચાણાવાલા, નીતા બરસકવાળા, હેતલ બારોટ અને સોનલ રાણા સહિત ટ્રસ્ટની બહેનોની સક્રિય અને પ્રશંસનીય ભાગીદારી રહી હતી. આ સ્વચ્છતા અભિયાન દ્વારા ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટે સમાજને સ્પષ્ટ સંદેશ આપ્યો કે મા નર્મદાનું સન્માન માત્ર પૂજા સુધી સીમિત ન રાખી, તેમના સંરક્ષણમાં સક્રિય ભાગીદારી કરવી જરૂરી છે.

# શહેરની એમ.ટી.બી કોલેજ ખાતે 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી

## સુરત જિલ્લામાં ચૂંટણી અંગેની વિશિષ્ટ કામગીરી બદલ વિવિધ અધિકારી-કર્મચારીઓને સન્માનિત કરાયા

સુરત, તા.૨૬

વર્ષ ૨૦૧૧થી દેશભરમાં ભારતીય ચૂંટણી પંચના સ્થાપના દિન એટલે કે, ૨૫મી જાન્યુઆરીને 'રાષ્ટ્રીય મતદાતા દિન' તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ડે.મ્યુ. કમિશનરશ્રી દિનેશ ગુરવની અધ્યક્ષતામાં અઠવાલાઈન્સ સ્થિત એમ.ટી.બી કોલેજ ખાતે 'My India,My Vote'-'Citizen at the heart of Indian Democracy' ની થીમ પર ૧૬મા 'રાષ્ટ્રીય મતદાન દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. ચૂંટણી દરમિયાન શ્રેષ્ઠ કામગીરી બદલ વિવિધ

અનુસંધાન પાના ૭ પર

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગુજરાતમાં ઇનબાઉન્ડ ટુરિઝમની તકો અને વૃદ્ધિ અંગે વિશેષ સત્ર

સુરત, તા.૨૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નાનપુરા સ્થિત સમૃદ્ધિ ખાતે 'ઈનબાઉન્ડ ટુરિઝમ: તકો, વ્યૂહરચના અને વૃદ્ધિ' વિષય પર એક મહત્વપૂર્ણ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતમાં ઈનબાઉન્ડ ટુરિઝમ કેવી રીતે વિકસી શકે એ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મુખ્ય વક્તા અને 'નેવર બિફોર હોલિડેઝ'ના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. મધુ ગોપાલને કહ્યું કે, ગુજરાતમાં ઈનબાઉન્ડ ટુરિઝમ માટે ઘણી તકો રહેલી છે. ઘણાં એનઆરજીઓ વિદેશમાં વસે છે, તેમને અને અન્ય

## વૈશ્વિક પ્રવાસીઓને આકર્ષવા માટેની વ્યૂહરચના વિશે નિષ્ણાત ડો. મધુ ગોપાલનનું માર્ગદર્શન

વિદેશી પ્રવાસીઓને આકર્ષવા માટે સૌ પ્રથમ જરૂર છે એક સારી વેબસાઈટની, તે માહિતીસભર હોવી જોઈએ. તેમણે વિદેશી પ્રવાસીઓને આકર્ષવા માટેની નવીન વ્યૂહરચનાઓ, ડિજિટલ, આંતરરાષ્ટ્રીય માર્કેટિંગ, મજબૂત ડેસ્ટિનેશન બ્રાન્ડિંગ અને સ્થાનિક સંસ્કૃતિના પ્રચાર પર ભાર મૂક્યો હતો.તેમણે કહ્યું કે, ગુજરાતમાં સ્ટેચ્યુ ઑફ યુનિટી, દ્વારકા જેવા ધાર્મિક સ્થળો, એશિયાટિક લાયન સહિત વન્ય જીવન અને અભ્યારણ્યો, કચ્છનું રણ, લાંબો દરિયાકિનારો- પર્યટન માટે જરૂરી તમામ તત્વો હાજર છે. સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, સલામતી છે, હેરિટેજ સ્થળો છે. તેમણે આ પર્યટન અને પ્રવાસ માટે પિચ કરવાની વ્યૂહરચના અને એક્શન પ્લાન વિશે સમજણ આપી હતી અને યુરોપ, અમેરિકા, કેનેડા, જાપાન. મધ્ય પૂર્વ જેવા હોટ ઈનબાઉન્ડ ટુરિઝમ માર્કેટ્સ ટાર્ગેટ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે તહેવાર ટુરિઝમ, ઈનબાઉન્ડ સક્રિટ્સ સહિતની પ્રોડક્ટ ડેવલપમેન્ટ

અનુસંધાન પાના ૭ પર

# પશ્ચિમ રેલ્વે ઉધના-અયોધ્યા કેન્ટ માટે ખાસ ટ્રેન ચલાવશે

સુરત, તા.૨૬

પશ્ચિમ રેલ્વે મુસાફરોની સુવિધા અને વધારાના ભીડના કલાકોને પહોંચી વળવા માટે ખાસ ભાડા પર ખાસ ટ્રેનો ચલાવશે. પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે (૧) ટ્રેન નં. ૦૯૦૯૩/૦૯૦૯૪ ઉધના-અયોધ્યા કેન્ટ સાપ્તાહિક વિશેષ ચ૧૪ ટ્રિપ્સ્ રેન નં. ૦૯૦૯૩ ઉધના-અયોધ્યા કેન્ટ સ્પેશિયલ દર શુક્રવારે ઉધનાથી ૦૭:૨૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૦:૩૦ વાગ્યે અયોધ્યા કેન્ટ પહોંચશે. આ ટ્રેન ૧૩ ફેબ્રુઆરીથી ૨૭ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૯૪ અયોધ્યા કેન્ટ-ઉધના સ્પેશિયલ દર શનિવારે અયોધ્યા કેન્ટથી ૨:૪૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૨:૧૫ વાગ્યે ઉધના પહોંચશે. આ ટ્રેન ૧૪ ફેબ્રુઆરીથી ૨૮ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલશે. આ ટ્રેન સુરત, ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, મકસી, સિહોર, સંત હિરદારામ નગર, બીના, વીરંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ઓરાઈ, કાનપુર સેન્ટ્રલ, લખનૌ અને બારાબંકી સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. આ ટ્રેનમાં એસી-૩ ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નં. ૦૯૦૯૩ માટે બુકિંગ બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલ્લું છે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# સુરતમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર ૭૭મા પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી



અઠવાલાઈન્સ પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર સુરત પોલીસ દ્વારા આજે સવારે ૭૭મા પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતના હસ્તે તિરંગો ફરકાવવામાં આવ્યો હતો. ત્યારબાદ પોલીસ વિભાગ દ્વારા પરેડમાં પોલીસ જવાનોએ દિલધડક કરતબો રજુ કર્યા હતા. પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણીમાં સહભાગી થતા સુરતના લોકો વહેલી સવારથી જ પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર ઉમટી પડ્યા હતા.

# વાવ-થરાડ ખાતે રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી

## અમદાવાદ ખાતેના કાર્યક્રમમાં તિરંગો ફરકાવતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

**થરાડ, તા. ૨૬**

આજે (૨૬મી જાન્યુઆરી) સમગ્ર રાજ્યમાં ૭૭માં પ્રજાસત્તાક દિવસની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યકક્ષાનો મુખ્ય કાર્યક્રમ બનાસકાંઠાના વાવ-થરાદ ખાતે યોજાયો હતો. જ્યા રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જ્યારે અમદાવાદ જિલ્લા કક્ષાની ઉજવણીમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તિરંગો લહેરાવ્યો હતો.

વાવ-થરાદ ખાતે આયોજિત રાજ્યકક્ષાના મહોત્સવમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરાવ્યું હતું. ધ્વજવંદન દરમિયાન આકાશમાંથી હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી હતી, જે આકર્ષણનું કેન્દ્ર બની હતી. ગુજરાત પોલીસના ૧૬૦૦ જેટલા જવાનોએ ૨૨ પ્લાટુનમાં વિભાજિત થઈને શિસ્તબદ્ધ પરેડ રજૂ કરી તિરંગાને સલામી આપી હતી.

આસામના ગૌહાટી ખાતે યોજાયેલી ૧૮મી જેકેએ ઈન્ડિયા ક્યુ લેવલ કરાટે ચેમ્પિયનશિપમાં ધોરણ ૯ના કાપડિયા મિકેન મયંકભાઈએ ભાગ લીધો હતો.જેમાં કુમેતેમાં પ્રથમ સ્થાને ગોલ્ડ મેડલ અને બાળકોની શ્રેણીમાં દ્વિતીય શ્રેણીમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી બીજા સ્થાને રહ્યા હતા.

# અનેક લોકોને નવું જીવન પ્રદાન કરનાર નિલેષ માંડલેવાલાને પદ્મશ્રી એવોર્ડ

## અંગદાન અંગે નિલેષ માંડલેવાલાના સેવા કાર્યની રાષ્ટ્રીય કક્ષાએ કદર

**સુરત, તા. ૨૪**

શહેર માટે એક ગર્વની ક્ષણ આવી છે. અંગદાનના ઉમદા કાર્ય દ્વારા હજારો જરૂરિયાતમંદ લોકોને નવું જીવન આપનાર ડોનેટ લાઈફ સંસ્થાના પ્રમુખ નિલેશ માંડલેવાલાને પદ્મશ્રી એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે. સામાજિક કાર્ય માટે નિલેશ વિનોદચંદ્ર માંડલેવાલાને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.

૧૯૯૭માં, નિલેશભાઈના પિતા કિડની ફેલ્યોરથી પીડાતા હતા. ૨૦૦૪થી તેઓ નિયમિત ડાયાલિસિસ કરાવતા હતા. આ સમયગાળા દરમિયાન દર્દીઓ અને પરિવારોને પડતી અસહ્ય મુશ્કેલીઓ જોઈને, નિલેશભાઈ આ ક્ષેત્રમાં કામ કરવા માટે મક્કમ બન્યા. તેમના પિતાનું સપ્ટેમ્બર ૨૦૧૧માં અવસાન થયું. તેમના પિતાની સારવાર દરમિયાન, નિલેશભાઈને કિડનીના દર્દીઓ અને તેમના પરિવારોને પડતી મુશ્કેલીઓ અને મુશ્કેલીઓનો ખ્યાલ આવ્યો. કિડનીની બીમારીને કારણે પિતાના અવસાન પછી, નિલેશભાઈએ એક નવા વિઝન અને નવી દિશા સાથે અંગદાનનો માર્ગ અપનાવ્યો. ૨૦૦૫ થી અંગદાન અંગે જાગૃતિ લાવવા માટે એક વ્યક્તિની સેના તરીકે કામ કરતા, નિલેશભાઈએ

૨૦૧૪ માં ડોનેટ લાઈફ સંસ્થા શરૂ કરી. ૨૦૦૬ માં કિડની દાનથી શરૂ કરીને, આ અભિયાન ધીમે ધીમે વિસ્તર્યું જેમાં લીવર, સ્વાદુપિંડ, હૃદય, ફેફસાં, આંતરડા, હાથ અને હાડકાના દાનનો સમાવેશ થાય છે. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં, કુલ ૧,૩૬૬ અંગો અને પેશીઓનું દાન કરવામાં આવ્યું છે, જે દેશ અને વિદેશના વિવિધ રાજ્યોના ૧,૨૫૮ લોકોના નવા જીવનમાં નોંધપાત્ર યોગદાન આપે છે. વૈશ્વિક કોવિડ-૧૯ રોગચાળાએ દેશભરમાં અંગદાનના દરમાં ઘટાડો કર્યો હતો તે સમયે પણ, તેમણે સુરતમાંથી કુલ ૨૦૩ અંગો અને પેશીઓનું દાન કર્યું, જેનાથી ૧૮૨ અંગ નિષ્ફળતાના દર્દીઓને નવું જીવન મળ્યું. ૨૦૨૦-૨૧ માં, ગુજરાત રાજ્ય સરકારે તેમના કાર્યની નોંધ લીધી અને તેમને અંગ અને પેશીઓ પ્રત્યારોપણ માટે રાજ્ય સલાહકાર સમિતિના સભ્ય તરીકે નિયુક્ત કર્યા. ગુજરાત સરકારે અંગદાન ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કરનારા અને ગુજરાતમાં અંગદાનના કાર્યને આગળ ધપાવનારા નિલેશભાઈ માંડલેવાલાની નોંધ લીધી અને ૧ મે ૨૦૨૨ ના રોજ, રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ પાટણમાં ગુજરાત ગૌરવ દિવસ પર તેમને ગુજરાત સરકારના સર્વોચ્ચ નાગરિક સન્માન, "ગુજરાત ગરિમા એવોર્ડ" થી સન્માનિત કર્યા.

જે. એચ.બી સરદાર પ્રા. સ્કૂલમાં ૭૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી. જેમાં મુખ્ય અતિથિ તરીકે શાળાના ભૂતપૂર્વ આચાર્યા શ્રીમતી પિન્કી કાલિયાના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. જેમાં શ્રી સત્ય સાઈ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ, શાળાના આચાર્યશ્રી, વાલી મંડળ તથા શાળા પરિવારના સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# માંડવી તાલુકા મથકે ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી

## જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વે ત્રિરંગાને સલામી આપી પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવતા જિલ્લા કલેકટર ડો. સૌરભ પારધી

**સુરત,તા.૨૬**

રાષ્ટ્રની આન, બાન અને શાન સમા -૨૬મી જાન્યુ. ૭૭મા પ્રજાસત્તાક પર્વની સુરત જિલ્લા કક્ષાની ઉજવણી માંડવી તાલુકા મથકે જિલ્લા કલેકટર ડો. સૌરભ પારધીની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. જિલ્લા કલેકટરશ્રીએ પરેડનું નિરીક્ષણ અને ત્રિરંગાને સલામી આપી પ્રજાસત્તાક પર્વની સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

દેશભક્તિના ઉમંગભર્યા માહોલમાં થયેલી ઉજવણી દરમિયાન જિલ્લા કલેકટરશ્રીએ સ્થાનિક નગરજનો, વિદ્યાર્થીઓનું અભિવાદન ઝીલ્યું હતું. માંડવી તાલુકાના વિકાસ માટે રૂ.૨૫ લાખનો ચેક જિલ્લા કલેકટરશ્રી ડો.સૌરભ પારધીના હસ્તે માંડવી પ્રાંત અધિકારીશ્રીને એનાયત કરાયો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેકટરે આઝાદીની લડાઈમાં યોગદાન આપનારા સ્વાતંત્ર્ય સેનાનીઓ, ક્રાંતિકારીઓ અને બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરનું સ્મરણ કરતાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, લોખંડી પુરૂષ અને દેશને એકતાના તાંતણે બાંધનાર સરદાર વલ્લભભાઈ પટેલ, શહીદ ભગતસિંહ, સુખદેવ, રાજગુરૂ જેવા નામી-અનામી વીરલાઓએ રાષ્ટ્રની આઝાદી, સાર્વભૌમત્વ અને રાષ્ટ્ર નિર્માણનો પાયો નાંખ્યો હતો. પ્રજાસત્તાક પર્વે દેશના નાગરિકોને રાષ્ટ્રના વિકાસ, એકતા અને સમરસતાના યજ્ઞમાં યોગદાન આપવાનું આહ્વાન કરતા તેમણે કહ્યું કે, વિકાસ અને રાષ્ટ્રવાદના સમન્વય સાથે દેશની વિશ્વસ્તરે ઉન્નતિ થઈ રહી છે.વધુમાં તેમણે કહ્યું હતું કે, આઝાદીની લડાઈમાં સુરત જિલ્લાના માંડવી તાલુકાનું યોગદાન અત્યંત મહત્વનું અને ગૌરવશાળી રહ્યું છે. ખાસ કરીને ખેડૂત સત્યાગ્રહો અને આદિવાસી જાગૃતિના કિસ્સામાં માંડવીએ અગ્રીમ ભૂમિકા ભજવી હતી.

# ૨૫ વર્ષ બાદ પણ કચ્છના ભયાનક ભૂકંપની યાદો જીવંત

## અંજારના ખત્રી ચોકમાં મોતનું તાંડવ, પેશાબ પીને કાટમાળમાં ચાર દિવસ કાઢ્યા, જીવિત રહેનારે ખૌફનાક વાત કહી

કચ્છના ભૂકંપના સમાચારથી દુનિયા સ્તબ્ધ હતી પણ અંજારની એક ઘટનાએ વિશ્વને મોટો આંચકો આપ્યો હતો. અંજારના એ સમાચાર સાંભળીને ભલભલા રડી પડ્યા હતા. ઘટના ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ની જ હતી. અંજારની સ્કૂલોના વિદ્યાર્થીઓની ભવ્ય રેલી નીકળી હતી.

બાળકો યુનિફોર્મ પહેરીને હાથમાં નાનાં નાનાં તિરંગા સાથે 'ભારત માતા કી જય..' બોલતાં બોલતાં ચાલ્યા જતા હતા. ઘડિયાળમાં સમય હતો સવારે ૮:૩૦. વહેલી સવાર હતી, પ્રજાસત્તાક દિવસની રજા હતી એટલે એકલ-દોકલને બાદ કરતાં બાકીની દુકાનો બંધ હતી. વિદ્યાર્થિનીઓ હસતાં-હસતાં એકબીજી સાથે વાતો કરતી જતી હતીપ વિદ્યાર્થીઓ એકબીજાના ખભે દોસ્તારની જેમ હાથ મૂકીને ચાલ્યા જતા હતાપ શિક્ષકો દરેકને લાઈનમાં ચાલવા સૂચના આપ્યા કરતા હતાપ.

થોડી મિનિટો પછી આ રેલી ભરચક્ક વિસ્તાર ખત્રી ચોકમાં પહોંચી. અહિયા રેલી પહોંચી ને પ્રચંડ વિસ્ફોટ સાથે ધરતી ધણધણી ઉઠી. આસપાસ સિંગલ માળ અને વધીને બે-ત્રણ માળના મકાનો હતા તે ધડાધડ પડવા લાગ્યા. નગરપાલિકાની ૧૮ સ્કૂલ અને ૨ કન્યાશાળા મળીને કુલ ૨૦ સ્કૂલના વિદ્યાર્થીઓ તે દિવસે રેલી માટે ભેગા થયા હતા. દરેક શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે શિક્ષકોને ત્યાં પહોંચવાનું હતું. રેલી ટાઉનહોલ સુધી જવાની હતી. રેલી નીકળી તો ખરી પરંતુ ટાઉનહોલ સુધી પહોંચી ન શકી. ધરતીકંપ રૂપી કાળ ૧૮૫ વિદ્યાર્થીઓ અને ૨૦ શિક્ષકોને ભરખી ગયો.

એ રેલીમાં હાજર રહેલા જૂજ વિદ્યાર્થીઓ અને શિક્ષકો બચી ગયા. પરંતુ તેમની આંખે જોયેલું એ દર્દનાક દ્રશ્યોનું વર્ણન આજે પણ સ્તબ્ધ કરી દે તેવું છે. અમે અંજાર પહોંચ્યા અને આ રેલીમાંથી આબાદ બચેલા શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી.

સૌ પહેલાં અમે કેતન રાઠોડને મળ્યા. તેઓ ઈલેક્ટ્રીશિયન તરીકે કામ કરે છે. તે ૨૦૦૧માં અંજારની શાળા નં.૧૪મા સાતમા ધોરણમાં અભ્યાસ કરતા હતા. કેતનભાઈ રેલીમાં ગયા નહોતા. કારણ કે, રેલી તેમના ઘર પાસેથી જ પસાર થવાની હતી. તેમણે વિચાર્યું હતું કે રેલી ઘર પાસેથી નીકળશે ત્યારે જોડાઈ જઈશ. જો કે, બન્યું એવું કે તેઓ રેલીમાં ભલે ન ગયા પરંતુ ભૂકંપમાં તેમનું ઘર પડી ગયું અને તેના કાટમાળમાં દટાઈ ગયા. જો કે, ચાર દિવસ પછી હેમખેમ બહાર નીકળ્યા. કેતનભાઈ આજે પણ પોતાની શાળા અને ગુમાવેલા સહપાઠીઓને ભૂલી શક્યા નથી.

કેતનભાઈ કહે છે કે, હું મારા બે મિત્રો સાથે રોજ શાળાએ જતો અને પછી ભૂકંપમાં જે થયું તે તો દરેકને ખબર છે. આજે પણ ૨૬ જાન્યુઆરી આવે એટલે આ બધું યાદ આવે છે. અને એ પણ યાદ આવે છે કે હું દટાઈ ગયો હતો.

તે કહે છે કે, મને બરાબર યાદ છે કે, હું મંદિરે રમતો હતો પછી ઘરે ગયો એ સમયે ભૂકંપ આવ્યો એટલે મારાં દાદીએ મને નીચે બોલાવ્યો. હું ઘરમાં ઉપરથી નીચે આવ્યો ત્યાં ધરતીકંપ આવ્યો ને અમારું ઘર પડી ગયું. હું ને મારા દાદી બંને તેમાં દટાઈ ગયા. હું કાટમાળ નીચે આવી ગયો અને મારાં દાદી મારી છાતી ઉપર આવી ગયા. મારા દાદીનું તો ત્યાં જ અવસાન થઈ ગયું. પણ મારા શ્વાસ ચાલતા હતા.

કેતનભાઈ સ્મૃતિમાં સરી પડતાં કહે છે કે, જ્યાં જોઉ ત્યાં ચારે બાજું કાટમાળ જ કાટમાળપ મારામાં કંઈ ખેસડવાની કે બહાર નીકળવાની હિંમત જ નહોતી. જમવાનું તો દૂર પરંતુ પાણી પણ મળતું નહોતું. એટલે મેં ત્યાં પેશાબ પી લીધો હતો. મને લોકોનો અવાજ તો સંભળાતો હતો, હું બચાવો.. બચાવોપની બૂમો પાડતો રહ્યો પણ કોઈ સાંભળતું નહોતું. અમે જે કાટમાળમાં દટાયા હતા તેની ઉપરથી તમ્મ ચાલતા હતા. તેની ધ્રુજારીનો અહેસાસ ચોક્કસ થતો હતો.

કેતનભાઈ વાત આગળ વધારતાં કહે છે કે, હું પાંચ દિવસ સુધી કાટમાળમાં દટાયેલો રહ્યો હતો. જો કે, પછી મિલિટરી ઓફિસરને જાણ થતાં મને બહાર કાઢવામાં આવ્યો. મને કાઢ્યો એના પાંચ-છ કલાક પછી હું ભાનમાં આવ્યો. મને બહાર કાઢ્યા પછી મને હેલિકોપ્ટરમાં બેસાડી ભુજ લઈ ગયા હતા ત્યાં મુરલી મનોહર જોશી મને મળ્યા હતા.

તે કહે છે કે, મને ભૂકંપ શબ્દથી નફરત તો નથી પરંતુ ૨૬ જાન્યુઆરીએ આ બધું આંખ સામે તરી આવે છે પણ શું કરીએપ મારા દાદી મારા બાજુમાં જ મરી ગયા પરંતુ હું કંઈ કરી ન શક્યો.

કેતનભાઈને મળ્યા પછી અમે આ રેલીમાં ગયેલી વિદ્યાર્થિની મિત્તલ ઠક્કરને મળ્યા. તેમનો આ હોનારતમાં આબાદ બચાવ થયો હતો. આ પછી મિત્તલ ભૂંકપ સ્થળે આવેલા અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટનને પણ મળી હતી અને તેમની સાથે વાતચીત કરી હતી. મિત્તલ આખી ઘટનાનું વર્ણન કરતાં કરતાં વચ્ચે ધ્રુસકે ધ્રુસકે રડી પડી. ભારે હૈયે તેમણે આખી વાત વર્ણવી.

મિત્તલ ભૂકંપ સમયે અંજારની શાળા નંબર ૪માં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી હતી. તે કહે છે કે, અમારી રેલી શરૂ જ થઈ હતી અને થોડીવારમાં ભૂકંપ આવ્યો. જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે અમે અંજારના ખત્રી ચોક વિસ્તારમાં હતા. તે ભૂકંપમાં અંજારનો સૌથી વધુ અફેક્ટેડ એરિયા હતો. તે સમયે આ વિસ્તારના ઘરો પત્તાંની જેમ ઘડીભરમાં પડવા લાગ્યા હતા. કોઈ દોડીને ક્યાંય જઈ શકે તેવો સમય જ ન

## કચ્છના ભૂકંપની તારાજીની બોલતી તસ્વીરો

મળ્યો. ભૂકંપ શરૂ થયાના એક મિનિટથી ઓછા સમયમાં હું પણ દટાઈ ગઈ. હું થોડા સમય માટે બેભાન થઈ ગઈ હતી. ભાનમાં આવી ત્યારે મને ખબર પડી કે હું બે માળના મકાનના સ્લેબ નીચે દટાઈ ગઈ છું.

તે કહે છે કે, મેં જોયું તો ખબર પડી કે જે રીતે બાળકોની રેલી જતી હતી તે જ રીતે નીચે પણ બાળકો લાઈનસર દટાયેલા હતા. કોઈની પણ મૂવમેન્ટ તેના બાજુ વાળા બાળક માટે પેઈનફૂલ હતી. કોઈ હલે તો બાજુવાળું કહેતું કે તું હલ નહીં મને દુઃખે છે.

પોતાના બહાર આવવા વિશે જણાવતા મિત્તલ કહે છે કે, અમારી ઉપરથી કાર અને રેકડીઓ પસાર થઈ રહી હતી. તેવામાં કોઈને મારી ટી-શર્ટનું નાનકડું કપડું દેખાઈ ગયું. આ પછી લોકોએ કહ્યું કે અહીં કોઈ દટાયેલું લાગે છે. આ પછી બે-ત્રણ લોકોએ મળી મારા પરના સ્લેબને કાપીને મને બહાર કાઢી. મેં કહ્યું કે મારી બાજુમાં પણ એક બાળક દટાયેલો છે પરંતુ સાધનોના અભાવના કારણે તેઓ તેને બચાવી ન શક્યા. ઘણા લોકો આઘાત સહન ન કરી શકવાના કારણે પણ મૃત્યુ પામ્યા. આ ભૂકંપમાં મેં મારી બે ખાસ બહેનપણી ગુમાવી.

પોતાની બહેનપણી સાથેની વાતોને યાદ કરતાં તે કહે છે કે, અમે રેલીમાં સવારે એક સમયે ઘરેથી નીકળવાનું નક્કી કર્યું હતું. રેલીમાં ત્રણ ત્રણ બાળકોની લાઈન હતી. અમે શરૂઆતથી જ રેલીમાં સાથે ચાલતા હતા. અમે એકબીજાના હાથ પકડીને ચાલી રહ્યા હતા. હું બહાર નીકળી પછી મને જાણ થઈ કે મારી બંને બહેનપણીને હું દબાયેલી હાલતમાં જ ગુમાવી ચૂકી હતી. મારી બન્ને બહેનપણીના નામ શિવાની અને પ્રિયંકા હતા. તેઓ મારી પહેલા નીકળી ગયા હતા પરંતુ તેઓ આઘાત સહન ન કરી શકવાના કારણે બચી ન શક્યા.

મિત્તલ ઠક્કર કહે છે કે, મેં શરૂઆતમાં તો બહાર નીકળવાનો ખુબ પ્રયત્ન કર્યા પરંતુ હું બહુ હલનચલન કરું તો બાજુવાળા વિદ્યાર્થીએ કહ્યું કે, મિત્તલ તું હલ નહિ, મને દુઃખે છે. બહુ પ્રયત્ન પછી મને લાગ્યું હું કંઈ કરી શકું તેમ નથી. છેલ્લે મેં પ્રાર્થના કરી કે ભગવાન મારી સાથે જે કરે તે કરે, પણ મારા પરિવારને બચાવી લેજે. આટલું બોલતા જ મિત્તલ રડી પડ્યાં. થોડીવાર પછી અમે તેમને પાણી આપ્યું અને તે શાંત થયા

તે પરિવાર સાથે મળવાની વાત કરતાં કહે છે કે, મને બહાર કાઢી ત્યારે મારો એક પગ ફેક્ચર થયેલો હતો. મને રેસક્યૂ ટીમે એકબાજુ બેસાડી હતી. થોડીવારમાં મને શોધતા શોધતા પહોંચેલા મારા પિતાને જોયા. ત્યારે મેં જોરથી બૂમ પાડી અને મારા પિતાને કહ્યું કે હું અહીંયા છું.

મિત્તલ કહે છે કે, મને નવું જીવન મળ્યું છે. આજે પણ મારા મિત્રોના પેરન્ટ્સને જોઉં છું તો થાય છે કે તેમની પાસે તેમના બાળકો નથી. આ વાતને હું પોઝિટિવલી લઉં છું. મને લાગે છે કે, ભગવાને કોઈ ઉદ્દેશ્ય સાથે નવું જીવન આપ્યું છે. મેં આ બધી વાતને લઈ ભણતરમાં માઈન્ડ ડાઈવર્ટ કર્યું. મેં એનવાર્યમેન્ટલ સાયન્સ, ક્લાઈમેન્ટ ચેન્જ જેવા વિષયોનો અભ્યાસ કર્યો. મેં એન્વાર્યમેન્ટલ સાયન્સમાં મારું ગ્રેજ્યુએશન અને માસ્ટર પૂરું કર્યું. ભૂકંપની ક્લાયમેન્ટ ચેન્જની અસર પર મેં મારું ૨.૬ પૂરું કર્યું. અત્યારે હું ઈન્ડિયન ગર્વમેન્ટની હરિનાવી પોસ્ટ ડોક્ટરેટ ફેલોશિપ સાથે મારો અભ્યાસ આગળ વધારી રહી છું.

તે કહે છે કે, મારું સપનું છે કે, જાપાન જેવા દેશમાંથી આપણે શીખીએ અને આપણા ડિઝાસ્ટર મેનેજમેન્ટને એટલું મજબૂત બનાવીએ કે, હ્યુમન લોસ વગર આપણે આવી આપદાઓ સહન કરતા શીખીએ.

મિત્તલના પિતા જેઠાલાલ ઠક્કર પણ ૧૮૫ બાળકો દટાઈ ગયા તે કરૂણ ઘટનાના સાક્ષી છે. ૨૬ જાન્યુઆરીની રેલીમાં મિત્તલના પિતા જેઠાલાલ પણ હતા. જેઠાલાલ તે સમયે અંજારની શાળા નંબર ૬માં આચાર્ય તરીકે ફરજ બજાવી રહ્યા હતા. અમે જેઠાલાલ સાથે પણ ખાસ વાતચીત કરી.

જેઠાલાલ કહે છે કે, આ રેલી એ અમારી પરંપરા હતી. દર વર્ષે આ જ રીતે અમે રેલી કાઢતા હતા. આ રેલી સવારચંદ નાકાથી શરૂ કરી બજારમાં થઈ ટાઉનહોલ સુધી જતી. આ રેલીમાં દરેક શાળાના વિદ્યાર્થીઓ એકઠા થઈ જોડાતા હતા. રેલી પૂરી થયા પછી ટાઉનહોલમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાતો હતો.

૨૦૦૧માં પ્રજાસત્તાક દિવસે પણ આ રીતે જ રેલી કરવાની હતી. દરેક શાળાના બાળકો નાકે ભેગા થયા હતા. શિક્ષકોએ દરેક બાળકના હાથમાં ધ્વજ આપ્યા હતા. દરેક બાળકના હાથમાં એક-એક ધ્વજ હતો. ત્રણ ત્રણની હરોળમાં દરેક બાળકને ગોઠવવામાં આવ્યા હતા. શિક્ષકો, બે પોલીસ જવાનો અને બાળક સાથે રૂટ મુજબ શરૂ થઈ ગઈ હતી. બાળકો રસ્તામાં તોફાન ન કરે અને રસ્તામાંથી પસાર કરતી વખતે આવતા વાહનોને રોકી સલામત રીતે પસાર કરાવવાની જવાબદારી મારી હતી. બાળકો દેશદાઝ સાથેના નારા લગાવતા લગાવતા આગળ વધતા હતા. બાળકો મેઈન રસ્તા સુધી પહોંચે તે પહેલા જ ભૂંકપના કારણે બધું વિખાઈ ગયું. બધું ધ્વસ્ત થઈ ગયું.

જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે થોડા સમય માટે અમે પણ નક્કી નહોતા કરી શક્યા કે આને ભૂકંપ કહેવાય ! મારી જિંદગીમાં હું પહેલીવાર ભૂકંપ જોઈ રહ્યો હતો. ભૂકંપ આવ્યો ત્યારે દુકાનના શટરના ભયંકર અવાજ હતા. જ્યારે ટ્રેન નદી પરના રેલવે બ્રિજમાંથી પસાર થાય ત્યારે જેવી તિવ્રતાથી અવાજ આવે તેવો અવાજ દુકાનના શટરમાંથી આવતો હતો. મકાનો પડતા ગયા તેના કાટમાળની ધૂળ પણ એટલી ઉડી કે કલ્પના ન કરી શકીએ. આસપાસમાં કંઈ દેખાતું નહોતું.

થોડા સમય પછી થોડું દેખાવા લાગ્યું અને જોયું તો ખબર પડી કે રેલીમાં આવેલા બાળકો મકાનના કાટમાળ નીચે દટાયેલા હતા. મારી દીકરી પણ રેલીમાં હતી. થોડીવાર માટે તો મગજમાં શૂન્યઅવકાશ સર્જાઈ ગયો હતો. ક્યાં જવું અને શું કરવું કંઈ જ મગજ કામ કરતું નહોતું. જ્યાં જુઓ ત્યાં ચારેબાજુ કાટમાળના ઢગલા અને વિચલિત કરી દે તેવા દશ્યો હતા. તેવામાં શું વિચાર આવે? કાટમાળ એવો પથરાઈ ગયો હતો કે રસ્તો પણ મળતો નહોતો. અનેક લોકોને ફસાયેલા જોયા હતા પરંતુ કોઈ સાધન હાથમાં નહોતું કે કોઈને બચાવી શકીએ.

જેઠાલાલે પોતાની શાળાના એક શિક્ષક ખરાડી સાહેબ અને બે-ત્રણ વિદ્યાર્થીઓને પણ ગુમાવ્યા. પરંતુ એમને આ વાતની જાણ તો મોડી થઈ. શરૂઆતમાં તો લાઈટ પાણી સહિત કોઈ સુવિધા નહોતી કે આ બધી જાણ થાય. જેઠાલાલ કહે છે કે, આજે પણ ઝંડા પકડેલા બાળક જોઈએ તો તે દશ્ય ફરી યાદ આવે છે. તેમની યાદમાં બનેલા સ્મૃતિવનમાં અમે તેમને શ્રદ્ધાંજલિ આપવા જઈએ છીએ.

આ રેલીનો ભાગ રહેલા અને ચાર કલાક સુધી કાટમાળમાં દટાયેલા શિક્ષક વિશ્રામભાઈ મકવાણા સાથે ભાસ્કરે વાતચીત કરી. વિશ્રામભાઈ છેલ્લા ૩૬ વર્ષથી અંજારમાં અને છેલ્લાં ૩૪ વર્ષથી શાળા નં.૧૭માં અભ્યાસ કરાવે છે. ભૂંકપ સમયે પણ તેઓ અહીયા જ અભ્યાસ કરાવતા હતા.

તેઓ કહે છે કે, ૧૯૯૧થી હું આ શાળામાં છું. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧માં દર વર્ષની જેમ તે વખતે પણ ટાઉનહોલમાં રેલી સ્વરૂપે પહોંચી ત્યાં ધ્વજવંદનનો કાર્યક્રમ રાખ્યો હતો. આ રેલી અંદાજે ૧.૫ થી ૨ કિલોમીટરની હોય છે. તે દિવસે રેલી નિયત કરેલા સમય કરતાં મોડી શરૂ થઈ હતી. જો રેલી સમયસર શરૂ થઈ હોત તો કદાચ દશ્ય કંઈક અલગ હોત. અંદાજે રેલી સવારે ૭.૩૦ વાગ્યે શરૂ થવાની હતી પરંતુ તે દિવસે રેલી શરૂ થતાં થતાં સવારના ૮.૧૫ થઈ ગયા હતા. રેલી સમયસર શરૂ થઈ હોત તો નિયત સ્થળે ખુલ્લી જગ્યામાં પહોંચી ગઈ હોત ને આટલી જાનહાનિ ન થઈ હોત.

વિશ્રામભાઈ કહે છે કે, અમારી શાળામાંથી અમે ત્રણ શિક્ષકો ત્યાં ગયા હતા. હું કાસમ સાહેબ અને એક ગિરીશભાઈ ચાવડા પણ હતા. ગિરીશભાઈને અમે આ હોનારતમાં ગુમાવ્યા. મારી સાથે શાળાના ૧૫-૧૭ વિદ્યાર્થીઓ હતા.

ગિરીશભાઈ સાથેની છેલ્લી વાતને યાદ કરતાં વિશ્રામભાઈ કહે છે કે, રેલીના આગળના દિવસે ગિરીશભાઈના મોટાબાપુનું અવસાન થયું હતું. તેઓ બે વર્ષ પહેલાં જ વિદ્યા સહાયક તરીકે નોકરીએ લાગ્યા હતા. મેં તેમને કહ્યું હતું કે, તમારા મોટાબાપુનું અવસાન થયું છે તો તમારે અત્યારે આવવાની જરૂર નથી. આવી પરિસ્થિતિમાં તમારે ઘરે રહેવાની જરૂર છે. આ મારી સાથેની છેલ્લી વાતચીત હતી. તેમણે આ વાતનો જવાબ આપતાં કહ્યું હતું કે રેલીમાં તો આવવું જ પડે ને...

દુર્ઘટના અંગેનું વર્ણન કરતાં વિશ્રામભાઈ કહે છે કે, ભૂકંપ આવ્યો તે પહેલાં મોટાભાગની રેલી ખત્રી ચોકમાંથી પસાર થઈ ચૂકી હતી. છેલ્લા છેલ્લા છોકરાઓ ખત્રી ચોકમાં પડેલા મકાન નીચે આવી ગયા. બાળકો દટાયા ત્યારે હું કસ્ટમ ચોક પાસે હતો. તે સમયે બજાર ખૂબ સાંકડી હતી. બજારમાં માંડ એક ગાડી નીકળી શકે તેટલી જ જગ્યા હતી. જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે શરૂઆતમાં તો પાકિસ્તાને બોમ્બ ફેંક્યો હશે તેવી પણ અફવા ઊડી હતી. જો કે, બધું એવી રીતે થયું કે કોઈને ભાગવાનો કે બચીને બહાર નીકળવાનો સમય જ ન મળ્યો.

અમે ત્રણ ચાર શિક્ષકો સાથે જઈ રહ્યા હતા. એક શિક્ષક મારાથી આઠ-દસ ફૂટ જ દૂર હતા. તેઓ પણ ત્યાં દટાઈ ગયા. બીજા એક શિક્ષક બહાર નીકળી ગયા. કારણ કે, તે બહાર ફરતા હતા. જ્યારે હું આખેઆખો કાટમાળમાં દટાઈ ગયો હતો. મારા ઉપર એક કલાર્ક મૃત પામેલી હાલતમાં પડ્યા હતા. અન્ય એક રહીશ પણ મારી બાજુમાં દટાઈ ગયા હતા.

વિશ્રામભાઈ કહે છે કે, મારી આસપાસ ને મારી ઉપર દુકાનનો કાટમાળ પડ્યો હતો. હું રવિ સ્ટુડિયો પાસે દટાયો હતો. બજારનો કાટમાળ આખા રસ્તામાં પથરાઈ ગયો હતો. સવારના ૯થી લઈ બપોરના ૧.૩૦ વાગ્યા સુધી હું દટાયેલો રહ્યો. બચી ગયેલા એક શિક્ષકે બધે સમાચાર આપ્યા અને કેટલાક લોકોએ આવીને મને બચાવ્યો.

દટાયેલી હાલતનાં સંજોગોને યાદ કરતાં વિશ્રામભાઈ મકવાણા કહે છે કે, મારી બાજુમાં શાળા નં.૨ના રફીકભાઈ પણ દટાયેલા હતા. હું ત્યાં દટાયેલી અવસ્થામાં ગાયત્રી મંત્રના જાપ કરતો હતો. તેઓ પણ તેમની રીતે ખુદાની બંદગી કરતા હતા. મેં વિચાર્યું કે આ સમય એવો છે કે ભગવાનનું નામ લેવાથી કોઈ તો બચાવવા આવશે... હું દટાયેલો હતો ત્યારે મારાથી દસ ફૂટ દૂર તિરાડમાંથી થોડો સૂર્યપ્રકાશ આવતો હતો એટલે મને લાગ્યું કે,અહીંથી હવાની અવરજવર તો રહેશે.

બાજુમાં દટાયેલા રફીકભાઈની આંગળી મારા નાક પાસે આવી ગઈ હતી. મેં તેમને કહ્યું કે, થોડી આંગળી દૂર કરજો

મને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. પરંતુ અવસ્થા એવી હતી કે આંગળી પણ દૂર થઈ શકે તેમ નહોતી. બીજા એક ભાઈ નજીકમાં જ દટાયેલા હતા. તેમનો પહેલા અવાજ આવતો અને ધીરે ધીરે તેમનો અવાજ બંધ થઈ ગયો એટલે લાગ્યું કે તે હવે નહીં રહ્યા હોય. હું અને રફીકભાઈ અંતે સાથે બહાર નીકળ્યા અને મારી પ્રાર્થના અને તેમની બંદગી બન્ને સાથે કામ લાગ્યાં.

વિદ્યાર્થીઓને યાદ કરતાં તે કહે છે કે, અમારી શાળાના ચારથી પાંચ વિદ્યાર્થીઓ પણ આ હોનારતનો ભોગ બન્યા. તેઓ પોતાના એક વિદ્યાર્થી વિશાલ પ્રજાપતિને યાદ કરીને ખુબ અફસોસ વ્યક્ત કરતાં કહે છે કે, વિશાલ ખૂબ હોંશિયાર છોકરો હતો. તેને અમે ગુમાવ્યો તેનો ખૂબ અફસોસ છે. તે મોટો થઈ જરૂર કંઈક બન્યો હોત. પરંતુ તેને અમે ગુમાવી દીધો. હું તો એક વિશાલને ઓળખતો હતો પણ બાકી ઘણા વિદ્યાર્થીઓ તેજસ્વી હતા પણ કાળે તેમને છીનવી લીધા.

અંજારની વ્હોરા કોલોનીમાં પોતાના ઘરે બેઠેલા જાહિદ અસગરઅલી લાકડાવાલા ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ની સવારે આવેલા પ્રચંડ ધરતીકંપમાં ધ્રૂજી ગયા હતા. તેઓ ઘરમાંથી દોડીને બહાર આવ્યા તો ચારેય બાજુ દોડાદોડી થઈ રહી હતી. અફરાતફરીનો માહોલ હતો. અસગરઅલીને ખબર પડી કે ભૂકંપમાં વ્હોરા કોલોનીમાં રહેતા ૩૦૦ લોકોમાંથી ૧૨૩ લોકોનાં મોત થયાં છે. સદનસીબે અસગરઅલીના ઘરને ખાસ નુકસાન થયું નહોતું. તેનો પરિવાર પણ બચી ગયો હતો.

# રુ.૧૬,૦૦૦ કરોડના વિસ્તરણની પ્રતિબદ્ધતા સાથેવિઝિંજામ ઇન્ટરનેશનલ સીપોર્ટનો આગામી વિકાસ તબક્કામાં પ્રવેશ

**વિઝિંજામના સંચાલનના આરંભિક પ્રદર્શને ભારતમાં ઊંડાપાણીના બંદરો માટેનાસિમાચિન્હને પુનઃ વ્યાખ્યાયિત કર્યા : કેરળમાં સૌથી મોટું ખાનગી રોકાણ એવા અદાણી સમૂહનારુ.૩૦,૦૦૦ કરોડનાસંકલ્પનો બીજો તબક્કો એક ભાગ છે : બંદરીય નેતૃત્વ હેઠળ થઇ રહેલો વિકાસ કેરળની લોજિસ્ટિક્સ સ્પર્ધાત્મકતા અને વ્યવસાય કરવાની સરળતાને મજબૂતી બક્ષે છે**

તિરુવનંતપુરમ, ૨૪જાન્યુઆરી ૨૦૨૬: ભારતની સૌથી મોટી સંકલિત બંદરો અને લોજિસ્ટિક્સ કંપની અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન લિ. (APSEZ) દ્વારા રુ.૧૬,૦૦૦ કરોડના રોકાણનાસંકલ્પની ઘોષણા બાદ વિઝિંજામ ઇન્ટરનેશનલ સીપોર્ટ વૃદ્ધિના નિર્ણાયક નવા તબક્કામાં પ્રવેશ કરવા માટે સજ્જ છે.

ડિસેમ્બર ૨૦૨૪ માં બંદર દ્વારા વ્યાપારી કામગીરી શરૂ કરવામાં આવી ત્યારથી સ્થાપિત મજબૂત કાર્યકારી પાયા પર આજે કરાયેલી આ ઘોષણા આધારિત છે જે ભારતના સૌથી વ્યૂહાત્મક રીતે સ્થિત દરિયાઈ પ્રવેશદ્વારોમાંના એક ખાતે માળખાગત સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થવાનો નિર્દેશ કરે છે.

આ પ્રસંગે ટિપ્પણી કરતા, કેરળના મુખ્યમંત્રી શ્રી પિનરાયી વિજયને કહ્યું હતું કેભારતીય બંદરોને સેવા આપતા રાષ્ટ્રીય ટ્રાન્સશિપમેન્ટ ટર્મિનલ તરીકે કામગીરી શરૂ કરનાર વિઝિંજામ બંદરના સંપૂર્ણ વિકાસ પછી આંતરરાષ્ટ્રીય ટ્રાન્સશિપમેન્ટ હબ બનવા સાથેવિઝિંજામ આફ્રિકા અને મધ્ય પૂર્વમાં બંદરોને સેવા આપતું આંતરરાષ્ટ્રીય ટ્રાન્સશિપમેન્ટ હબ પણ બનતા આપણું વિઝિંજામ બંદર વૈશ્વિક દરિયાઈ વેપાર નકશા પર ખૂબ જ મહત્વનું કેન્દ્ર બનશે.

આ પ્રસંગે અદાણી પોર્ટ્સ અને સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન લિ.ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કરણ અદાણીએ જણાવ્યું હતું કે આ પ્રકલ્પ સહકારી સંઘવાદનું એક મજબૂત દ્રષ્ટાંત છે. દ્રષ્ટિ, અમલીકરણ અને ભાગીદારી એકસાથે આવે છે ત્યારે શું શક્ય છે તે ઉલ્લેખનીય ટૂંકા ગાળામાંવિઝિંજમે દર્શાવ્યું છે અદાણીએ કહ્યું હતું કે માત્ર ૧૫ મહિનાના વ્યાપારી કામકાજમાં દસ લાખ TEU નુંસંચાલન કરનાર તે સૌથી ઝડપી ભારતીય બંદર બનવા સાથે કેરળને શિપિંગના વૈશ્વિક નકશા પર મજબૂત રીતે સ્થાન આપ્યું છે. આરંભિક માન્યતાને અવિરત કામગીરીના પ્રદર્શન મારફત મજબૂત બનાવવામાં આવી છે.

પ્રારંભિક રેમ્પ-અપ તબક્કા સહિતકામગીરીના માત્ર એક વર્ષથી વધુ નજીવા સમયમાંવિઝિંજમે શ્રેણીબદ્ધ રાષ્ટ્રીય સીમાચિહ્નોએ મૂકવા સાથે તેને આ પ્રદેશના સૌથી અદ્યતન ઊંડા પાણીના કન્ટેનર બંદરોમાં સ્થાન આપ્યું છે. ભારતના દક્ષિણ કિનારે એક મહત્વપૂર્ણ ટ્રાન્સશિપમેન્ટ ગેટવે તરીકે ઝડપથી ઉભરી આવેલું આ બંદર તેની પ્રાકૃતિક ઊંડાઈ અને મુખ્યત્વે પૂર્વ-પશ્ચિમ શિપિંગ લેનની નિકટતાનો લાભ મેળવે છે.

આ સમયગાળામાં વિઝિંજામ દસ લાખ ટ્વેન્ટી-ફૂટ ઇક્વિવેલેન્ટ યુનિટ્સ (TEUs) નુંસંચાલન કરનાર સૌથી ઝડપી ભારતીય બંદર બનવા ઉપરાંતવિક્રમ સમયમાં આ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ બંદરે ૧૦ મહિનામાં વાર્ષિક ક્ષમતાના દસ લાખ TEUs ને પાર કર્યા અને તેના પ્રથમ વર્ષમાં ૬૧૫ જહાજો અને ૧.૩૨ મિલિયન TEUsનું સંચાલન કર્યું છે. ડિસેમ્બર ૨૦૨૫માં ૧.૨૧ લાખ TEUs નો સૌથી વધુ માસિક થ્રુપુટ નોંધાવીનેભારતના દક્ષિણ અને પૂર્વ કિનારા પર શિરમોર પ્રદર્શન કરનારા બંદર તરીકે પણ સ્થાન મેળવ્યું છે.

વિઝિંજામની આરંભિક સફળતાની એક નિર્ણાયક લાક્ષણિકતા વિશ્વના સૌથી મોટા કન્ટેનર જહાજોને હેન્ડલ કરવાની તેની ક્ષમતા છે. ડિસેમ્બર ૨૦૨૪ અને જાન્યુઆરી ૨૦૨૬ના સમયગાળામાંઆ બંદરે ૩૯૯ મીટરથી વધુ લંબાઈ ધરાવતા૫૦ થી વધુ અલ્ટ્રા લાર્જ કન્ટેનર વેસલ્સ (ULCVs) નુંસંચાલન કર્યું છે. જેની લંબાઈ ૩૦૦ મીટરથી વધુ હતીતેવા ૧૬૦ થી વધુ જહાજોનું સંચાલન કરવામાં આવ્યું હતું, જ્યારે ૫૦ જહાજો ૧૬ મીટરથી વધુ ડ્રાફ્ટ સાથે આવ્યા હતા. MSC વેરોના ૧૭.૧ મીટરની ઊંચાઈના દક્ષિણ એશિયામાં અત્યાર સુધીના સૌથી ઊંડા ડ્રાફ્ટ જહાજ બનવા સાથેપ્રાદેશિક માપદંડો સ્થાપિત થયા હતા. જ્યારે વિશ્વનું સૌથી મોટું કન્ટેનર જહાજ, MSC IRINA, પણ વિઝિંજામ ખાતે આવ્યું હતું.

ટેકનોલોજી અને કાર્યબળનાવડપણમારફત કાર્યકારી ક્ષમતા સંગીન બનાવવામાં આવી છે. ભારતના પ્રથમ અર્ધ-સ્વચાલિત કન્ટેનરવિઝિંજામ મહિલા સ્વચાલિત ક્રેન ઓપરેટરોને તૈનાત કરનારુંપણ દેશનું પ્રથમ બંદર છે. સુરક્ષિત, સરળ અને અનુમાનિત કામગીરી સુનિશ્ચિત કરવા માટે જહાજ અને યાર્ડની ગતિવિધિઓનું ડિજિટલી નિરીક્ષણ અને માર્ગદર્શન આપતીઅદ્યતન વેસલ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (VTMS) ની સુવિધા દ્વારા મેડ-ઇન-ઇન્ડિયા ટેકનોલોજીને પણ અહીં સંકલિત કરી છે.

ત્રણ કિલોમીટર લાંબા બ્રેકવોટર, ૧૮ થી ૨૦ મીટરની કુદરતી ઊંડાઈ અને ન્યૂનતમ દરિયા કિનારાના પ્રવાહનો સમાવેશ ધરાવતી મજબૂત માળખા દ્વારા આધારભૂત આ સિદ્ધિઓ મર્યાદિત ડ્રેજિંગ સાથે આખું વર્ષ કામગીરીને સક્ષમ બનાવે છે. મુખ્ય પૂર્વ-પશ્ચિમ શિપિંગ લેનની નજીક આવેલુંઅને ભારતના મુખ્ય ઊંડા પાણીના ટ્રાન્સશિપમેન્ટ હબ તરીકે ઝડપથીઉભરી આવેલું વિઝિંજામ મલયેશિયામાં દુબઈ, કોલંબો, સિંગાપોર અને પોર્ટ ક્લાંગ જેવા સ્થાપિત પ્રાદેશિક પ્રવેશદ્વારો માટે સ્પર્ધાત્મક વિકલ્પ પૂરો પાડે છે.

મંજૂર માસ્ટરપ્લાનમાં દર્શાવ્યાનુસાર, બીજા તબક્કામાં આશરે રુ.૧૦,૦૦૦ કરોડનું રોકાણ શામેલ છે, આરુ.૧૬,૦૦૦ કરોડની વ્યાપક પ્રતિબદ્ધતાનો મુખ્ય હિસ્સો છે. ૨૦૨૮ સુધીમાં વિસ્તરણની કામગીરી પૂર્ણ થવાના લક્ષ્યાંક સાથે કન્ટેનર બર્થની લંબાઈ ૮૦૦ મીટરથી ૨,૦૦૦ મીટર સુધી લંબાવાશે અને બ્રેકવોટરની લંબાઈ લગભગ ૩,૯૦૦ મીટર સુધી વધારાશે. આ સમગ્ર કામકાજ પૂરુ થયા બાદ૨૦૨૯ સુધીમાં વિઝિંજમની ક્ષમતા ૧ મિલિયન TEUs થી ૫.૭ મિલિયન્ ઈંજ સુધી વધશે.કેરળમાં અદાણી સમૂહના કુલ રુ.૩૦,૦૦૦ કરોડના રોકાણના સંકલ્પનો એક ભાગ બીજો તબક્કો છે, જેની ઘોષણા ઇન્વેસ્ટ કેરળ ગ્લોબલ સમિટ ૨૦૨૫માં કરવામાં આવી હતી.કેરળમાં ખાનગી ક્ષેત્રે આ સૌથી મોટું રોકાણ છે. એકસાથેતબક્કો ૧ અને તબક્કો ૨ રાજ્યના ઇતિહાસમાં સૌથી મોટું ખાનગી ક્ષેત્રનું માળખાગત રોકાણ પ્રસ્તુત કરે છે. આ વિસ્તરણ બંદર-આધારિત ઔદ્યોગિકીકરણ, રોજગાર સર્જનને ઉત્પ્રેરિત કરશે અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક દરિયાઈ અને લોજિસ્ટિક્સ ડેસ્ટિનેશન તરીકે કેરળની સ્થિતિને વધુ મજબૂત બનાવશે તેવી અપેક્ષા છે.

# કોટક, નિપ્પોન, ટાટા સહિતના દિગ્ગજો અદાણી પાવરના ડોમેસ્ટિક બોન્ડ ખરીદવા ભારે ઉત્સાહિત

ભારતના ટોચના મ્યુચ્યુઅલ ફંડ્સ અને સંસ્થાકીય રોકાણકારોમાં અદાણી ગ્રુપ દ્વારા જાહેર થયેલા એની કંપની અદાણી પાવરના સૌથી મોટા ડોમેસ્ટિક બોન્ડના ઇશ્યૂને ખરીદવા માટે ભારે ઉત્સાહ દેખાયો છે. મોટા રોકાણકારોમાં કોટક (Kotak), નિપ્પોન (Nippon), ટાટા (Tata), ઇન્વેસ્કો (Invesco), ICICI અને એક્સિસ (Axis) જેવા દિગ્ગજોનો સમાવેશ થાય છે. આ વિશાળ માંગ દર્શાવે છે કે બજારના વર્તમાન ઉતાર-ચઢાવ છતાં રોકાણકારોનો અદાણી ગ્રુપના વ્યવસાયના ફન્ડામેન્ટલમાં અતૂટ વિશ્વાસ જળવાયેલો છે.

એક અગ્રણી રોકાણકારે જણાવ્યું હતું કે, "કંપનીનો વ્યવસાય પાયાથી મજબૂત છે અને તાજેતરના કાનૂની પડકારોની કામગીરી પર તેની કોઈ અસર થઈ નથી." અન્ય એક રોકાણકારે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે અદાણી પાવરનુ સંકલિત બિઝનેસ મોડલ, વિસ્તરણ યોજનાઓ અને અન્ય કંપનીઓની સરખામણીએ ચુસ્ત બેલેન્સ શીટ તેના પર વિશ્વાસ કરવાનું મુખ્ય કારણ છે.

અદાણી પાવરની મજબૂત સ્થિતિ અને ભાવિ યોજનાઓ

- અદાણી પાવર, ગ્રુપની થર્મલ પાવર શાખા, હાલમાં ૧૮ GW (ગિગાવોટ) ઓપરેટિંગ ક્ષમતા ધરાવે છે અને નાણાકીય વર્ષ ૨૦૩૨ સુધીમાં તેને વધારીને ૪૨ GW કરવાની મહત્વાકાંક્ષી યોજના છે.
- કંપનીનો નેટ ડેટ-ટુ-EBITDA (EBITDA ની સામે ચોખ્ખું દેવું) રેશિયો લગભગ ૧.૬૮ છે, જે NTPC, JSW Energy અને Tata Power જેવી અન્ય પાવર કંપનીઓના ૪-૫ટ ના રેશિયો કરતા ઘણો ઓછો છે.
- નિષ્ણાંતોનું અનુમાન છે કે આગામી પાંચ વર્ષમાં અદાણી પાવરનો ઓપરેટિંગ પ્રોફિટ (EBITDA) ત્રણ ગણાથી વધુ વૃદ્ધિ પામી શકે છે. હાલના આશરે ૨૧,૦૦૦ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૦૩૦ સુધીમાં તે ૭૫,૦૦૦ કરોડ થવાનો અંદાજ છે, જે ક્ષમતા વધારા અને કાર્યક્ષમતા લાભો દ્વારા સંચાલિત છે.

વૈશ્વિક રેટિંગ એજન્સીઓ મૂડીઝ (Moody's) અને ફિચ (Fitch) એ અગાઉ અદાણી ગ્રુપની વિવિધ કંપનીઓ પરના તેમના આઉટલૂકને સુધારી 'સ્થિર' (Stable) કર્યો હતો. તેઓએ નોંધ્યું હતું કે યુએસમાં ચાલી રહેલી તપાસની તાત્કાલિક અસર મર્યાદિત છે. ફિચે નવેમ્બરમાં જણાવ્યું હતું કે તપાસ સંબંધિત જોખમો ટૂંકા ગાળામાં "વ્યવસ્થાપન" (manageable) છે. આ હકારાત્મક સંકેતોએ પણ રોકાણકારોનો વિશ્વાસ મજબૂત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

# "અંગદાનથી અમર બન્યું જીવનઃ રીટાબેન કોરાટના અંગદાનથી પાંચ લોકોને મળ્યું નવજીવન"

સુરત, માનવતા અને સમાજસેવાની ઉત્તમ ભાવનાનું ઉદાહરણરૂપ, સુરત ખાતે એક મહત્વપૂર્ણ અંગદાન સફળતાપૂર્વક સંપન્ન થયું, અંગદાતાશ્રી રીટાબેન હરેશભાઈ કોરાટ (ઉંમરઃ ૪૫ વર્ષ), રહેવાસી ૧૮, રામવાટિકા સોસાયટી, વેલંજા, સુરત, મૂળ વતન-જેતપુર, જિલ્લો રાજકોટ દ્વારા કરાયેલ અંગદાનના કારણે કુલ પાંચ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ બપોરે આશરે ૩ઃ૩૦ વાગ્યે રીટાબેન કોરાટે પોતાના દીકરા રાજ હરેશભાઈ કોરાટને ફોન કરી તબિયત બરાબર ન લાગતી હોવાનું જણાવતાં તેઓને ઘરે આવવા કહ્યું હતું. દીકરો ઘરે પહોંચ્યો ત્યારે રીટાબેનને વોમિટ થતી હતી તેમજ શરીરમાં ભારે કમજોરી જણાતી હતી. તાત્કાલિક તેમને નજીકના દવાખાને લઈ જવામાં આવ્યા હતા, જ્યાંથી ડોક્ટરે વધુ સારવાર માટે સુરતની ડાયમંડ હોસ્પિટલમાં જવાની સલાહ આપી હતી.

ડાયમંડ હોસ્પિટલમાં જરૂરી તપાસ કર્યા બાદ, ડો. દીપેશ કક્કડ (ન્યુરો સર્જન) અને ડોક્ટરશ્રીઓની ટીમ દ્વારા દર્દીને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા. આ ગંભીર ક્ષણે પરિવારના હરેશભાઈ કોરાટ, રાજ કોરાટ, રાજવી કોરાટ, કૌશિકભાઈ કોરાટ, કેશવલાલ ભુવા, વિપુલભાઈ ભુવા, દિનેશભાઈ અભંગી, કિશોરભાઈ રીબડીયા દ્વારા માનવતાપૂર્ણ અને સાહસિક અંગદાન માટે નિર્ણય લેવા માટે જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

અંગદાતાશ્રી રીટાબેન હરેશભાઈ કોરાટ

કોરાટ પરિવારને અંગદાનની સમજ આપવામાં આવતા તેઓએ અંગદાન કરવા માટેની સંમતી આપી હતી, પરિવારના સભ્યોની સંમતિ મળતા તેઓનું સોટોમાં રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરુ કરવામાં આવેલ જે અંતર્ગત IKDRC હોસ્પિટલ, અમદાવાદ દ્વારા લિવર અને બંને કિડની (૨) સ્વીકારવામાં આવ્યા, તેમજ લોકદ્રષ્ટિ ચક્ષુબેંક દ્વારા બન્ને ચક્ષુઓનું દાન સ્વીકારવામાં આવ્યું હતું. રીટાબેન કોરાટના અંગદાનથી કુલ પાંચ દર્દીઓને નવજીવન મળ્યું છે.

રીટાબેન કોરાટના પરિવારજનોએ દુઃખની ઘડીમાં પણ સમાજહિતનો વિચાર કરી જે મહાન નિર્ણય લીધો છે, તે સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ છે. અંગદાન એ મૃત્યુ પછી પણ જીવન જીવતું રાખવાની સર્વોચ્ચ સેવા છે, અને વધુમાં વધુ લોકો આ વિષયમાં જાગૃત થાય તે સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

અંગદાનની સમગ્ર પ્રક્રિયામાં ડાયમંડ હોસ્પિટલના ચેરમેનશ્રી સી. પી. વાનાણી, શ્રી દિનેશભાઈ નાવડીયા, માવજીભાઈ માવાણી, એડમીન ડો. હરેશ પાગડા સાહેબ, ડો. દીપેશભાઈ કક્કડ તથા સમગ્ર હોસ્પિટલ પરિવાર અને જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના શ્રી પી.એમ. ગોંડલિયા, શ્રી વિપુલભાઈ તળાવીયા, શ્રી જસ્વીનભાઈ કુંજડીયા, ડો. નીલેશભાઈ કાછડિયા, બીપીનભાઈ તળાવીયા, નીતિનભાઈ ધામેલીયા, લક્ષ્મણભાઈ કોરાટ, સાગર કોરાટ, અભિષેક સોનાણી, આશિષ સાવલિયા, સ્મિત ઠુંમર, પાર્થ કોરાટ સહિત ટીમ જીવનદીપના સભ્યોએ મહેનત કરી હતી.

વધુમાં વિપુલ તળાવીયાએ જણાવ્યું હતું કે, ડાયમંડ હોસ્પિટલ અને ટીમ જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના સંયુક્ત પ્રયાસોથી કોરાટ પરિવારના સ્વજનનું ૨૯મું સફળ અંગદાન થયું છે.

# આહિર સમાજનો ૩૨મો સમૂહલગ્ન સમારોહ યોજાયો

- **સુરત ખાતે આહિર સમાજના સમૂહલગ્નોત્સવમાં ૧૯૪ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડ્યા**
- **આહિર સમાજના ૩૨માં સમૂહલગ્નોત્સવમાં સહભાગી બની નવદંપતિઓને આશીર્વચન પાઠવતા કેન્દ્રીય જળશક્તિ મંત્રી**
- **સમૂહલગ્નના પવિત્ર આયોજનની શરૂઆત સૌરાષ્ટ્રની ધરતી પરથી થઈ છેઃકેન્દ્રીય જળ શક્તિમંત્રી**
- **ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાની વિશેષ ઉપસ્થિતિઃ**

માહિતી બ્યુરો-સુરત, શુક્રવારઃ કેન્દ્રીય જળશક્તિમંત્રી સી. આર. પાટીલે સુરત શહેરના ગોડાદરા ખાતે સુરત આહિર સમાજ સેવા સમિતિ દ્વારા આયોજિત ૩૨માં સમૂહલગ્ન સમારોહમાં સહભાગી થઈ ૧૯૪ નવયુગલોને આશીર્વચન આપ્યા હતા. જળશક્તિમંત્રીએ પ્રભુતામાં પગલા પાડનારા નવદંપતિઓ લગ્ન જીવનમાં એકબીજાનો સહારો બની એકબીજાના સુખે સુખી થઈને સધિયારો આપી જીવન ઉજળુ બનાવે તેવી શુભકાનાઓ પાઠવી હતી. ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

જળશક્તિ મંત્રીએ જણાવ્યું હતું કે, સમૂહલગ્નના પવિત્ર આયોજનની શરૂઆત સૌરાષ્ટ્રની ધરતી પરથી થઈ છે, જે આજે વટવૃક્ષ બની છે. આહિર સમાજ હંમેશા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યો છે. સમાજમાં શિક્ષણનું સ્તર સતત વધી રહ્યું છે અને તેનું શ્રેષ્ઠ ઉદાહરણ આપણે કોરોનાકાળ દરમિયાન જોવા મળ્યું હતું.

?કોરોનાના કપરા સમયને યાદ કરતા તેમણે જણાવ્યું કે, આહિર સમાજના તબીબોએ નિઃસ્વાર્થ ભાવે રાત-દિવસ જનતાની સેવા કરી છે, જે ખરેખર વંદનીય છે.વધુમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, હાલના તણાવપૂર્ણ વાતાવરણમાં માનસિક શાંતિ ખૂબ જરૂરી છે. વિપશ્યના પર ભાર મૂકતા તેમણે કહ્યું કે, વિપશ્યના દ્વારા વ્યક્તિની આધ્યાત્મિક શક્તિમાં વધારો થાય છે અને તે જીવનના પડકારોનો મક્કમતાથી સામનો કરી શકે છે. તેમણે દ્વારકાધીશના ચરણોમાં પ્રાર્થના કરી નવદંપતીઓના સુખી જીવનની કામના કરી હતી.

તેમણે પ્રભુતામાં પગલાં પાડી રહેલા તમામ દંપતીઓની જીવનની તમામ અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પૂર્ણ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

આહિર સમાજ સેવા સમિતિ સુરતના પ્રમુખ અને કોર્પોરેટર જીતુભાઈ કાછડે જણાવ્યું હતું કે, આહિર સમાજમાં સમૂહ લગ્નની આ પરંપરા વર્ષો પહેલા માત્ર સાત લગ્નથી શરૂ થયેલી શ્રુંખલા આજે ૩૨માં સમૂહ લગ્નોત્સવ સુધી પહોંચી છે. આ સફર સમાજની જાગૃતિનું પ્રતીક છે.અત્યાર સુધીમાં સરકારની કુંવરબાઈનું મામેરુ અને સાત ફેરા યોજના હેઠળ સાત કરોડથી વધુની રકમ સમાજની દીકરીઓના ખાતામાં જમા થઈ છે. સમાજના લોકો વધુમાં વધુ સમૂહલગ્નમાં જોડાઈને જે નાણાની બચત થાય તે શિક્ષણ પાછળ ખર્ચ કરવા અનુરોધ કર્યો હતો.

આ અવસરે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ સૌ નવદંપતિઓનું લગ્નજીવન સુખમય બને તેવી શુભકામનાઓ પાઠવી હતી.આ સમૂહલગ્નોત્સવમાં તમિલનાડુના સાંસદ યાદવજી, મેયરશ્રી દક્ષેશ માવાણી, પદ્મશ્રી મથુરભાઈ સવાણી, ધારાસભ્યશ્રીઓ, સ્થાયી સમિતિ ચેરમેન રાજનભાઈ પટેલ, મનપાના આરોગ્ય સમિતિના ચેરમેન મનિષાબેન આહિર, વર્ષાબેન, લોકસાહિત્યકાર માયાભાઈ આહીર, અગ્રણી નટુભાઈ ભાટુ, રઘુભાઈ હુંબલ, ભરતભાઈ ડાંગર, ડાહ્યાભાઈ સમાજશ્રેષ્ઠીઓ સહિત આહિર સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સનાતનનું સત્ય મોરારિબાપુના મુખેથી -૨

મુનિનું મૌન અને ઋષિની વાણી પણ સનાતન છે.સનાતન એક સમકમાં સમાહિત છે. જેમાં બ્રહ્મ, પુરુષ,સ્વભાવ, જીવ, કુળ, ધર્મ અને સત્યને ગણી શકાય.બ્રહ્મ ઈશ્વર તત્વ પુરુષ છે એટલે કે એવા પુરુષો કે જે આદિ અનાદિથી શાશ્વત છે.આપણો અધ્યાત્મ્ય સ્વભાવ જે સદૈવ છે તે પણ સનાતન છે. કુળ અને ધર્મની વાત પણ ગીતામાં છે તેથી કુળ તથા ધર્મ પણ સનાતન છે.સત્યને કદીએ બાજુમાં મુકી શકાય તેમ નથી તેથી તે સનાતન છે જ.

વિજ્ઞાન ઈતિ સાથે જોડાયેલું હોય છે. તેથી તેમાં ફેરફાર અને બદલાવ જોવા મળે.પરંતુ જ્ઞાનમા તે નથી.વિષય હોય તેની સાથે વિકાર અને સંસ્કાર પણ જોડાયેલાં છે.પણ નિંદા, દ્રોહ, પરધન લાલચ આ બધાં આપણાં વિકારોથી જન્મે છે.કોઈ સંગ શ્રેષ્ઠ હોય છે અને તેની મૈત્રી પણ ગમે છે.તેજસ્વી તે તપસ્વી ન હોય શકે પરંતુ તપસ્વી હોય એ તેજસ્વી હોય જ ! તેથી તે સંગ સંગચ્છધ્વમ્ નો આદર્શ ગણી શકાય.

ભગવદ્ ગીતામાં સાત વખત સનાતન શબ્દનો ઉલ્લેખ મળે છે. કોઈપણ જ્ઞાન, વૈરાગ્ય માટે પાંખાળા બનવા માટે,ઉડવા માટે તત્પર કરે છે.ભગવાન મનુએ ૧૦ સ્વભાવનું વર્ણન કર્યું છે મનુ એટલે મન છે અને શત્રુપા એટલે બુદ્ધિ છે અને તેનું બંનેનું દાંપત્ય પવિત્ર છે.તે કહે છે.

ધૃતિ ક્ષમા દમોસ્તેયં, શૌચં ઇન્દ્રિયનિગ્રહઃ।
ધીર્વિદ્યા સત્યં અક્રોધો, દશકં ધર્મલક્ષણમ્ ॥

અર્થાત આ ૧૦ લક્ષણો સનાતનના છે

ધૃતિ એટલે ધૈર્ય, ક્ષમા સંયમ, ચોરી ન કરવી એટલે કોઈનુ લઈ લેવું નહીં,સ્વચ્છતા, ઈન્દ્રિયને વશમાં રાખવી તેનો નિગ્રહ કરવો,બુધ્ધિ,વિદ્યા,સત્ય અને ક્રોધ ન કરવો.આપણે ક્યારેક અકારણ ક્રોધ કરતાં હોઈએ છીએ.સવારમા ઉઠીને,કામ પર નીકળતાં અને ભોજન



કરતી વખતે ક્યારેય ક્રોધિત ન થવું.વ્યાસપીઠ હંમેશા જાગતી રહે છે અને સમાજને જગાડતી રહે છે.

**તખુભાઈ સાંડસુર**

# અભિષેક શર્માનો ઝંઝાવાત, કિવિ સામેની ટી૨૦ સિરીઝમાં ભારતની અજેય સરસાઇ

## ભારતના વિજયની હેટ્રિક, ત્રીજી ટી૨૦માં ન્યૂઝીલેન્ડ સામે ભારતનો આઠ વિકેટે વિજય, અભિષેકના ૨૦ બોલમાં ૬૮

જસપ્રિત બુમરાહ સહિતના બોલર્સના તરખાટ બાદ અભિષેક શર્માએ અત્યંત ઝંઝાવાચી બેટિંગ કરતાં ભારતે રવિવારે અહીં રમાયેલી ત્રીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં પ્રવાસી ન્યૂઝીલેન્ડને આઠ વિકેટથી હરાવીને પાંચ મેચની સિરીઝમાં ૩-૦ની અજેય સરસાઈ હાંસલ કરી લીધી હતી. આમ કિવિ ટીમ સામે વન-ડે સિરીઝ ગુમાવ્યા બાદ ભારતે ટી૨૦ સિરીઝમાં પોતાનું વર્ચસ્વ જમાવી દીધું હતું. ભારતે ૬૦ બોલ બાકી રાખીને મેચ જીતીને નવો વર્લ્ડરેકોર્ડ સજર્યો હતો. આ સફળતા ભારતીય ટીમને આવનારા ટી૨૦ વર્લ્ડ કપમાં માનસિક રીતે ઉપયોગી થશે અને તેના આત્મિશ્વાસમાં વધારો કરી દેશે.

રવિવારે અહીં રમાયેલી મેચમાં ભારતે ટોસ જીત્યા બાદ હરીફ ટીમને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. ન્યૂઝીલેન્ડે ૨૦ ઓવરને અંતે નવ વિકેટે ૧૫૩ રનનો સ્કોર રજૂ કર્યો હતો. જેના જવાબમાં ભારતે માત્ર ૬ ઓવરમાં બે વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી હતી. મેચનું પ્રમુખ આકર્ષણ અભિષેક શર્મા રહ્યો હતો. આ ડાબેરી બેટરે પ્રારંભથી જ જે રીતે આક્રમક બેટિંગ કરી હતી તે જોતાં ન્યૂઝીલેન્ડના બોલર્સ લાચાર બની ગયા હતા. અભિષેકે માર ૧૪ બોલમાં તેની અડધી સદી પૂરી કરી હતી જે ભારતના ટી૨૦ ઈતિહાસની બીજી સૌથી ઝડપી અડધી સદી હતી તો તેણે માત્ર ૨૦ બોલમાં પાંચ સિક્સર અને સાત ચોગ્ગા સાથે અણનમ ૬૮ રન ફટકાર્યા હતા. અભિષેક જે રીતે બેટિંગ કરતો હતો તેને કારણે અન્ય કોઈ બેટરને ખાસ કાંઈ કરવાનું રહ્યું ન હતુ. ભારતે પાવર પ્લેમાં જ એક વિકેટે ૯૪ રન કરી લીધા હતા. કેપ્ટન સૂર્યકુમાર યાદવે સતત બીજી મેચમાં અડધી સદી ફટકારી હતી અને ૨૬ બોલમાં ત્રણ સિક્સર તથા છ ચોગ્ગા સાથે ૫૭ રન ફટકારીને અણનમ રહ્યો હતો.

અગાઉ ન્યૂઝીલેન્ડની બેટિંગ એટલી અસરકારક રહી ન હતી જેટલી તેમની પાસેથી વન-ડે સિરીઝને અંતે અપેક્ષા રખાતી હતી. હાર્દિક પંડ્યા અને હર્ષિત રાણાએ પહેલી બે ઓવરમાં જ ભારતને એક એક વિકેટ અપાવી દીધી હતી. ત્યાર બાદ છઠ્ઠી ઓવરમાં બુમરાહનું આગમન થયું અને તેણે પહેલા જ બોલેલ ટિમ સેફર્ટને આઉટ કરીને કિવિ ટીમને મુશ્કેલીમાં મૂકી દીધી હતી.

જોકે ગ્લેન ફિલિપ્સ અને માર્ક ચેપમેને પ્રવાસી ટીમનો રકાસ અટકાવ્યો હતો. બંનેએ લડાયક બેટિંગ કરી હતી પરંતુ તેઓ લાંબી ઈનિંગ્સ રમી શક્યા ન હતા કે અડધી સદી સુધી પહોંચી શક્યા ન હતા. ગ્લેન ફિલિપ્સે ૪૦ બોલમાં છ ચોગ્ગા અને એક સિક્સર સાથે ૪૮ રન ફટકાર્યા હતા જે ન્યૂઝીલેન્ડની ઈનિંગ્સનો સર્વોચ્ચ સ્કોર બની રહ્યો હતો. માર્ક ચેપમેને પણ ઉમદા બેટિંગ કરી હતી. તેણે ૨૩ બોલમાં બે સિક્સર અને બે ચોગ્ગા સાથે ૩૨ રન ફટકાર્યા હતા. આ ઉપરાંત વન-ડે સિરીઝના હિરો એવા ડેરેલ મિચેલને વધુ તક મળી ન હતી પરંતુ તેણે આઠ બોલમાં એક સિક્સર અને એક ચોગ્ગા સાથે ૧૪ તથા કેપ્ટન મિચેલ સેન્ટનરે ૧૭ બોલમાં આક્રમક ૨૭ રન ફટકાર્યા હતા. ભારત માટે જસપ્રિત બુમરાહ સૌથી સફળ બોલર રહ્યો હતો. તેણે ચાર ઓવરમાં માત્ર ૧૭ રન આપીને ત્રણ વિકેટ લીધી હતી તો હાર્દિક પંડ્યા અને રવિ બિશ્નોઈએ બે બે વિકેટ ખેરવી હતી. બંને ટીમ હવે ચોથી મેચ રમવા વિશાખાપટનમ જશે જ્યાં ૨૮મીએ ટી૨૦ રમ્યા બાદ અંતિમ મેચ ૩૧મીએ થિરુવનંથપુરમ ખાતે રમાશે. ટી૨૦ વર્લ્ડ કપ અગાઉ બંને ટીમ આ છેલ્લી ટી૨૦ સિરીઝ રમી રહી છે. સાતમી ફેબ્રુઆરીથી વર્લ્ડ કપનો પ્રારંભ થશે.ભારતના ડાબેરી ઓપનર અભિષેક શર્માએ રવિવારે ગુવાહાટી ખાતે રમાયેલી ત્રીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં ન્યૂઝીલેન્ડ સામે માત્ર ૧૪ બોલમાં અડધી સદી ફટકારી દીધી હતી. આ સાથે ટી૨૦ ક્રિકેટમાં ભારત માટે સૌથી ઝડપી અડધી સદી ફટકારવામાં અભિષેક બીજા ક્રમે આવી ગયો હતો. યુવરાજ સિંઘ ૧૨ બોલમાં ૫૦ રન પૂરા કરીને મોખરાના ક્રમે છે. હજી એક મહિના અગાઉ અમદાવાદમાં રમાયેલી સાઉથ આફ્રિકા સામેની મેચમાં હાર્દિક પડ્યાએ ૧૬ બોલમાં અડધી સદી પૂરી કરી હતી જ્યારે અભિષેક રવિવારે આ માટે ૧૪ બોલ રમ્યો હતો. આ ઉપરાંત અભિષેક શર્માએ એવી નવમી અડધી સદી ફટકારી છે જેમાં તે ૨૫ કરતાં ઓછા બોલ રમ્યો હોય જે એક નવો વર્લ્ડરેકોર્ડ છે. સૂર્યકુમાર યાદવે તેની આઠ અડધી સદી ૨૫ કરતાં ઓછા બોલમાં ફટકારી છે તો ફિલ સોલ્ટ અને એવિન લેવિસે આઠ આઠ વાર આ પ્રકારની સિદ્ધિ હાંસલ કરી છે.

# બીજા દાવની લડત છતાં રેલવે સામે ગુજરાતનો આઠ વિકેટે પરાજય

## જયમિત પટેલે બીજા દાવમાં સદી ફટકારી, રેલવેએ બે વિકેટે ટારગેટ વટાવ્યો

ગુજરાતના જયમિત પટેલે નડીયાદ ખાતે રમાતી ચાર દિવસીય રણજી ટ્રોફી ક્રિકેટ મેચમાં શનિવારે શાનદાર લડાયક સદી ફટકારતાં રેલવે સામેની આ મેચમાં ગુજરાતની ટીમે વળતી લડત આપી હતી પરંતુ તેમ છતાં રવિવારે તેનો બે વિકેટે પરાજય થયો હતો.

નડીયાદ ખાયે રમાયેલી મેચમાં ગુજરાત તેના પ્રથમ દાવમાં માત્ર ૧૭૫ રન કરી શક્યું હતું જેના જવાબમાં રેલવેએ ૪૨૪ રન કરીને ૨૪૯ રનની સરસાઈ હાંસલ કરી હતી. બીજા દાવમાં ગુજરાતે ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં તમામ વિકેટ ગુમાવીને ૩૪૭ રન કર્યા હતા. આમ રેલવેને ૯૯ રનની જરૂર હતી. રવિવારે સવારે રેલવેએ આક્રમક બેટિંગ કરીને લંચ વિરામ અગાઉ જ ટારગેટ વટાવીને આઠ વિકેટે વિજય હાંસલ કર્યો હતો. આ પરાજય સાથે વર્તમાન રણજી ટ્રોફી ક્રિકેટ સિઝનમાં આગેકૂચ કરવાની ગુજરાતની શક્યતા લગભગ પૂરી થઈ ગઈ છે. રેલવેની ટીમે રવિવારે સવારે તેની બીજી ઈનિંગ્સનો પ્રારંભ કર્યો હતો. સિદ્ધાર્થ દેસાઈએ ત્રીજી જ ઓવરમાં ઓપનર એઆર સિંઘને આઉટ કરીને થોડી આશા જગાવી હતી પરંતુ વિવેક સિંઘે અણનમ ૪૨ અને રવિ સિંઘે ૩૬ બોલમાં અણનમ ૩૪ રન ફટકારીને ટીમનો વિજય નિશ્ચિત કરી દીધો હતો. વિવેક સિંઘે ૩૯ બોલમાં ચાક સિક્સર સાથે ૪૨ રન ફટકાર્યા હતા. સિદ્ધાર્થ દેસાઈએ ૩૪ રનમાં બે વિકેટ લીધી હતી.

અગાઉ આ મેચમાં પ્રથમ દાવમાં ગુજરાતનો ધબડકો થયો હતો પરંતુ બીજા દાવમાં તેણે શાનદાર રમત દાખવી હતી. ઓપનર આર્ય દેસાઈએ ૪૦ રન ફટકાર્યા બાદ જયમિતે ટીમની જવાબદારી પોતાના શિરે લઈ લીધી હતી. તેણે ક્ષિતિજ પટેલ સાથે ૮૦ અને ઉર્વિલ પટેલ સાથે ૮૬ રનની ભાગીદારી નોંધાવીને ૨૪૯ રનના દેવાનો આંક પાર કરી દીધો હતો.

જયમિત પટેલ ટીમનો સ્કોર ૨૫૬ રન હતો ત્યારે ૧૨૦ બોલમાં ૧૪ ચોગ્ગા સાથે ૧૦૧ રન ફટકારીને આઉટ થયો હતો તો ક્ષિતિજ પટેલે ૩૮ અને ઉર્વિલ પટેલે ૮૦ બોલમાં ૬૪ રન ફટકાર્યા હતા જેમાં પાંચ ચોગ્ગા અને બે સિક્સરનો સમાવેશ થતો હતો. હકીકતમાં ઉર્વિલની આક્રમક બેટિંગને કારણે ગુજરાતની ટીમ ૩૦૦+નો સ્કોર કરી શકી હતી.

વિશાલ જયસ્વાલે ૩૪ અને રિંકેશ વાઘેલાએ અણનમ ૨૦ રનનું યોગદાન આપ્યું હતું. રેલવે માટે ઈન્ટરનેશનલ ક્રિકેટર અને લેગ સ્પિનર કર્ણ શર્માએ ૮૭ રનમાં પાંચ વિકેટ લીધી હતી તો હિમાંશુ સાંગવાન અને કુનાલ યાદવે બે બે વિકેટ લીધી હતી.

# બીજી વન-ડેમાં શ્રીલંકાને હરાવીને ઇંગ્લેન્ડે સ્કોર સરભર કર્યો

## શ્રીલંકાનો ૨૧૯ રનનો સ્કોર ઇંગ્લેન્ડે પાંચ વિકેટે વટાવ્યો, જો રૂટના ૭૫

પ્રવાસી ઈંગ્લેન્ડની ટીમે વર્તમાન વન-ડે ક્રિકેટ સિરીઝની પ્રથમ મેચના પરાજયનો બદલો લઈને અહીં રમાયેલી બીજી વન-ડેમાં શ્રીલંકાને પાંચ વિકેટે હરાવ્યું હતું. આમ ત્રણ મેચની આ સિરીઝનો સ્કોર ૧-૧થી સરભર કરી લીધો હતો. બંને વચ્ચે હવે ૨૭મી જાન્યુઆરીએ ત્રીજી વન-ડે રમાશે.અહીંના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં શ્રીલંકાએ ૪૯.૩ ઓવરમાં ઓલઆઉટ થતાં અગાઉ ૨૧૯ રનનો સ્કોર રજૂ કર્યો હતો. જે ઈંગ્લેન્ડે ૪૭મી ઓવર સુધીમાં પાંચ વિકેટ ગુમાવીને વટાવી દીધો હતો. ઈંગ્લેન્ડ માટે ૭૫ રન ફટકારનારા જો રૂટને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

૨૨૦ રનના સામાન્ય કહી શકાય તેવા ટારગેટ સામે રમતાં ઈંગ્લેન્ડે ઓપનર રેહાન અહેમદની વિકેટ સસ્તામાં ગુમાવી દીધી હતી પરંતુ બેન ડકેટ અને જો રૂટે બીજી વિકેટ માટે ૭૨ રન ઉમેરીને ઈનિંગ્સને સ્થિરતા પ્રદાન કરી હતી.

ડકેટ બાવન બોલમાં ૩૯ રન ફટકારીને આઉટ થઈ ગયા બાદ જેકોબ બેથેલ પણ તરત જ આઉટ થઈ ગયો હતો પરંતુ જ રૂટે એક છેડો સાચવી રાખ્યો હતો અને તેને કેપ્ટન હેરી બ્રુકનો સહકાર મળ્યો હતો. બંનેએ ૮૧ રનની ભાગીદારી નોંધાવી હતી જેમાં બ્રુકનું યોગદાન ૩૪ રનનું રહ્યું હતું. અંતે બ્રુકે ૭૫ બોલમાં ૪૨ રન ફટકાર્યા હતા પરંતુ તેમાં માત્ર બે ચોગ્ગાનો સમાવેશ થતો હતો.

# મહાન ક્રિકેટર અબ્દુલ કાદીરના પુત્ર પર જાતીય સતામણીનો આરોપ

## ઘરની નોકરાણીએ આરોપ મૂકતાં સુલેમાન કાદીરની અટકાયત



પાકિસ્તાનના મહાન લેગ સ્પિનર અબ્દુલ કાદીરના પુત્ર સુલેમાન કાદીર પર ઘરકામ કરતી નોકરાણીએ તેના ફાર્મહાઉસમાં જાતીય શોષણ કરવાનો આરોપ લગાવ્યો છે. આ કિસ્સામાં નોકરાણીએ પોલીસમાં એફઆઈઆર દાખલ કર્યા બાદ સ્થાનિક બોલીસે અબ્દુલ કાદીરના ચાર પુત્ર પૈકીના એક એવા સુલેમાન કાદીરની અટકાયત કરી છે.

નોકરાણીએ પોતાની ફરિયાદમાં એવો આરોપ લગાવ્યો છે કે તે સુલેમાનના ઘરે કામ કરતી હતી અને તે તેને બળજબરીથી તેના ફાર્મહાઉસમાં લઈ ગયો અને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે નોકરાણીને તબીબી તપાસ માટે મોકલવામાં આવી છે, ત્યાર બાદ ખાતરી થશે કે તેની ઉપર જાતીય હુમલો થયો છે કે નહીં.સુલેમાનના પિતા અબ્દુલ કાદીર એક સમયે પાકિસ્તાનના સ્ટાર ક્રિકેટર હતા અને વિશ્વભરમાં તેમની લેગ સ્પિન બોલિંગની કલાની પ્રશંસા થતી હતી. અબ્દુલ કાદીર પાકિસ્તાનના મહાન ક્રિકેટરોની હરોળમાં આવે છે. અબ્દુલ કાદીરે પાકિસ્તાન માટે ૬૭ ટેસ્ટ અને ૧૦૪૪ વનડે રમી હતી. ૧૯૮૦ના દાયકામાં ઈન્ટરનેશનલ ક્રિકેટમાં લેગ સ્પિન બોલિંગની કળાને પુનર્જીવિત કરવાનો શ્રેય કાદીરને ફાળે જાય છે. ૨૦૧૯ના સપ્ટેમ્બમાં અબ્દુલ કાદીરનું નિધન થયું હતું.

# સાબાલેન્કા અને અલ્કારાઝનો ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ

## ઓસ્ટ્રેલિયન ઓપનઃ હરીફ ખેલાડી ખસી જતાં નોવાક યોકોવિચની પણ આગેકૂચ



ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટમાં રવિવારે મોખરાના ક્રમની વિમેન્સ ખેલાડી આર્યના સાબાલેન્કા તથા કાર્લોસ અલ્કારાઝે ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. આ ઉપરાંત હરીફ ખેલાડી ખસી જતાં નોવાક યોકોવિચે પણ આગેકૂચ કરી હતી. કોકો ગૌફે પણ તેની મેચ જીતીને આગામી રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો.

છેલ્લા ચાર વર્ષમાં પોતાના ત્રીજા ઓસ્ટ્રેલિયન ઓપન ટાઈટલ તરફ આગળ ધપી રહેલી સાબાલેન્કાને ઉભરતી ટીનેજર સ્ટાર વિકી એમ્બોકો સામેની મેચ જીતવામાં સંઘર્ષ કરવો પડ્યો હતો પરંતુ અંતે ૧૯ વર્ષની એમ્બોકો સામે તેણે ૬-૧, ૭-૬થી મેચ જીતી લીધી હતી. રોડ લિવર એરેના ખાતે રમાયેલી આ મેચ દિવસની તમામ મેચમં આકર્ષણનું કેન્દ્ર બની ગઈ હતી. આર્યના સાબાલેન્કાએ મેચ બાદ કબૂલ્યું હતું કે નવી આવી રહેલી ઉભરતી ટીનેજર ખેલાડીઓ હવે સારો પડકાર આપી રહી છે. સાબાલેન્કાને તેની આગામી મેચમાં ૧૮ વર્ષીય ઈવા જોવિકે સામે રમવાનું છે. આ મેચ જીતીને તે સેમિફાઈનલમાં પહોંચી શકે છે. ૨૯મો ક્રમાંક ધરાવતી ઈવા જોવિકે પણ તેની મેચમાં શાનદાર પ્રદર્શન કરીને યુલિયા પુતિનત્સેવાને ૬-૦, ૬-૧થી હરાવી હતી આ મુકાબલો ૫૩ મિનિટ ચાલ્યો હતો. તેનું આ પ્રદર્શન જોતાં સાબાલેન્કાને ક્વાર્ટર ફાઈનલમાં વધુ મહેનત કરવી પડશે. જોવિક તેની કારકિર્દીમાં પહેલી વાર કોઈ ગ્રાન્ડસ્લેમ ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં રમશે. દરમિયાન ૨૦૨૩માં એક ટીનેજર તરીકે પોતાનું પ્રથમ ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીતનારી કોકો ગૌફે પણ આગેકૂચ કરી હતી. તેણે સળંગ ત્રીજી વાર ઓસ્ટ્રેલિયન ઓપનની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશવા માટે ૧૯મા ક્રમની કેરોલિના મુચોવાને ૬-૧, ૩-૬, ૬-૩થી હરાવી હતી. ઉલ્લેખનીય છે કે કોકો ગૌફે જ્યારે પણ મુચોવાને હરાવી છે ત્યારે તેણે ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીત્યું છે જેમાં ૨૦૨૩ની યુએસ ઓપન ટુર્નામેન્ટની સેમિફાઈનલનો પણ સમાવેશ થાય છે તેણે મુચોવાને ચાર વખત હરાવી છે અને અંતે ટાઈટલ જીત્યું છે.

રવિવારે રમાયેલી મેન્સ સિંગલ્સની પ્રથમ મેચમાં મોખરાના ક્રમના કાર્લોસ અલ્કારાઝે તેનું સાતત્ય જાળવી રાખીને ૧૯મા ક્રમના ટોમી પૌલને હરાવ્યો હતો. ૨૨ વર્ષના અલ્કારાઝે વધુ એક ગ્રાન્ડસ્લેમ જીતવા માટે શાનદાર પ્રદર્શન જારી રાખીને ટોમી પૌલને ૭-૬, ૬-૪, ૭-૫થી હરાવ્યો હતો. આ સાથે તેણે મેલબોર્ન પાર્ક ખાતેની આ ગ્રાન્ડસ્લેમમાં સળંગ ત્રીજી વાર ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

# પી વી સિંધૂ, લક્ષ્ય સેનનું ઈન્ડોનેશિયા માસ્ટર્સની ક્વાર્ટરમાં અભિયાન સમાપ્ત

## પીવી સિંધૂનો ચીનની ચેન યુ ફેઈ સામે ૧૩-૨૧, ૧૭-૨૧થી પરાજય થયો

ભારતના બેડમિન્ટન સ્ટાર ખેલાડીઓ પી વી સિંધૂ તથા લક્ષ્ય સેનનું ઈન્ડોનેશિયા ઓપનની ક્વાર્ટરફાઈનલમાં અભિયાન સમાપ્ત થયું છે. બન્ને ખેલાડીઓનો પોત પોતાના મુકાબલામાં પરાજય થતા ભારતના તમામ ખેલાડીઓ ટુર્નામેન્ટમાંથી બહાર થયા હતા. પી વી સિંધૂનો ચીનની ચેન યુ ફેઈ સામે ૧૩-૨૧, ૧૭-૨૧થી સળંગ ગેમમાં પરાજય થયો હતો.

આ સાથે જ પી વી સિંધૂ અને ચેનનો હેડ ટુ હેડ રેકોર્ડ ૬-૮ હતો જેમાં ચેન સિંધૂ કરતા બે મેચ વધુ જીતવામાં સફળ રહી છે. ભારતે છેલ્લે ચીનની શટલરને ૨૦૧૯માં હરાવી હતી. પુરૂષ સિંગલ્સમાં લક્ષ્ય સેન અને થાઈલેન્ડના ઉભરતા ખેલાડી પાનિતચાફોન ટીરારત્સાકુલ વચ્ચે ટક્કર થઈ હતી. લક્ષ્યનો થાઈ ખેલાડી સામે ૧૮-૨૧, ૨૦-૨૨થી પરાજય થયો હતો. ૨૧ વર્ષીય પાનિતચાફોને અગાઉ પ્રી-ક્વાર્ટરમાં પેરિસ ઓલિમ્પિકનો બ્રોન્ઝ મેડલ વિજેતા લી ઝિયા જિયાને મ્હાત આપી હતી.

અગાઉ ગુરુવારે કિદામ્બી શ્રીકાંત અને અનમોલ ખરબનો મેન્સ તથા વિમેન્સ મુકાબલામાં પરાજય થતા બહાર થયા હતા. જ્યારે હરિહરન અને એમ આર અર્જૂનનો મેન્સ ડબલ્સની પ્રીક્વાર્ટરમાં પરાજય થયો હતો. ભારત તરફથી મહિલા ડબલ્સમાં કોઈ ભાગીદારી જોવા મળી નહતી.

પી વી સિંધૂને ચેન સામેની ક્વાર્ટરફાઈનલ મેચમાં બીજી ગેમમાં સૌપ્રથમ ગેરવર્તણૂક બદલ યેલો કાર્ડ બતાવાયું હતું. મેચમાં થોડા પોઈન્ટ્સ બાદ સિંધૂ દ્વારા રમતમાં વધુ પડતો વિલંબ કરવામાં આવતા અમ્પાયરે રેડ કાર્ડ બતાવ્યું હતું. આમ તેને એક પોઈન્ટની પેનલ્ટી કરાઈ હતી જેનો ફાયદો હરીફ ખેલાડીને મળ્યો હતો.

# શ્રી દેવસર માતા મંદિર ખાતે સંગીતમય રામકથાની પૂર્ણાહુતિ

**શાશ્વત પરિવાર દ્વારા કથા સપ્તાહની પૂર્ણાહુતિ પ્રસંગે હવન યોજાયો**

સુરત, તા.૨૬

મહામંડલેશ્વર (જૂના અખાડા) ના પરમ પૂજ્ય સ્વામી ડૉ. ઉમાકાન્તાનંદ સરસ્વતીજી મહારાજ દ્વારા કથા કરાયેલ એક ભવ્ય સંગીતમય શ્રી રામ કથા, ૧૮ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ, શ્રદ્ધાના પવિત્ર ધામ, શ્રી મહેંદીપુર બાલાજીમાં સ્થિત શ્રી દેવસર માતા મંદિરના ખાલી હોલમાં શરૂ થઈ હતી.

ગુજરાત, સુરતના શાશ્વત્મ પરિવાર દ્વારા આયોજિત સાત દિવસીય રામ કથા આજે પૂર્ણ થઈ. કથાકાર મહામંડલેશ્વર શ્રી ઉમાકાન્તાનંદ સરસ્વતીજી મહારાજે ભગવાન શ્રી રામના વિવિધ આદર્શો અને રામના મહિમા વિશે વાત કરી. કથાના સમાપન સમયે બધા શ્રોતાઓ માટે મહાપ્રસાદ પણ આપવામાં આવ્યો હતો. શ્રી રામ કથાની પૂર્ણાહુતિ નિમિત્તે રવિવાર, ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ સવારે ૯ વાગ્યે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાશ્વતમ પરિવારના પ્રમુખ નિરંજન અગ્રવાલે માહિતી આપી હતી કે આજે મુખ્યત્વે રતનજી દારુકા, દિલીપજી તિબ્રેવાલ, કૈલાશ અગ્રવાલ, અનિલ મંત્રી, રામપ્રસાદ અગ્રવાલ, રામ પ્રકાશ રૂંગટા, વિવિધ સમાજના નેતાઓ, સામાજિક કાર્યકરો અને ઉદ્યોગપતિઓ તેમના પરિવારો સાથે સંગીતમય શ્રી રામ કથામાં હાજર રહ્યા હતા.

FOSTA ના પ્રમુખ, શ્યામ મંદિર, સુરતના વડા અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી કૈલાશ હકીમ સંગીતમય શ્રી રામ કથાના ભવ્ય કાર્યક્રમમાં ખાસ હાજર રહ્યા હતા અને મહામંડલેશ્વર (જૂના અખાડા) ના પરમ પૂજ્ય મહારાજ સ્વામી ડૉ. ઉમાકાન્તાનંદ સરસ્વતીજી મહારાજ પાસેથી આશીર્વાદ અને પ્રસાદ મેળવ્યો હતો. આ કથાનું આયોજન શાશ્વતમ પરિવાર ગુજરાતના સૌજન્યથી કરવામાં આવી રહ્યું છે.

**સુરત શહેર કોંગ્રેસ કાર્યાલય પટ્ટીગણમાં સુરત કોંગ્રેસ સમિતિના ઉપક્રમે આજે ૭૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં કોંગ્રેસ પ્રમુખ ઉધનાવાલા, વરિષ્ઠ કોંગી અગ્રણી હરીશચંદ્ર સૂર્યવંશી સહિતના આગેવાનો ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્ય હતો.**

# શ્રી નાકોડા પાર્શ્વ ભૈરવ દેવ ભક્તિ સંધ્યાનું ભવ્ય આયોજન

**જલવંત ટાઉનશીપમાં સાંજે કાર્યક્રમ યોજાશે**

સુરત, તા.૨૬

જલવંત ટાઉનશીપમાં જૈન જળવંત ટાઉનશીપ જૈન પરિવાર દ્વારા ૨૬ જાન્યુઆરીના રોજ શ્રદ્ધા અને ભક્તિ સાથે શ્રી નાકોડા પાર્શ્વ ભૈરવ દેવના નામે એક ભવ્ય ભક્તિ સંધ્યાનું આયોજન કરી રહ્યો છે. આ કાર્યક્રમ ટાઉનશીપની બીજી વર્ષગાંઠ નિમિત્તે યોજાઈ રહ્યો છે, જેમાં વિસ્તારના મોટી સંખ્યામાં ભક્તો ભાગ લેશે અને ધાર્મિક લાભ મેળવશે. આ કાર્યક્રમનો હેતુ ભક્તિ દ્વારા સમાજને એક કરવાનો અને નાકોડા ભૈરવ દાદાના આશીર્વાદને જનતા સુધી પહોંચાડવાનો છે.

આ ખાસ પ્રસંગે, અમદાવાદના પ્રખ્યાત ગાયક શ્રી ત્રિલોક મોદી અને તેમની ટીમ દ્વારા નાકોડા પાર્શ્વનાથ ભૈરવ દાદાના ભક્તિ ગીતો અને ભજનોની મધુર પ્રસ્તુતિ આપવામાં આવશે. શ્રી મોદી તેમની શક્તિશાળી ગાયન શૈલી અને ભક્તિ ભજનો માટે જાણીતા છે. તેઓ જે ભક્તિ ગીતો રજૂ કરે છે તે સમગ્ર વાતાવરણને ભક્તિથી ભરી દેશે, ભક્તોને સમાધિમાં ડૂબાડી દેશે.

આ કાર્યક્રમ પહેલા, ૨૬ જાન્યુઆરીએ સાંજે ૫ વાગ્યે જલવંત ટાઉનશીપ પાર્કિંગ માં ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસાદ બધા ભક્તોને પ્રેમ અને સેવાની ભાવના સાથે આપવામાં આવશે. આયોજકો માને છે કે પ્રસાદ અને ભક્તિ બંનેનું મિશ્રણ આ કાર્યક્રમને વધુ ફળદાયી બનાવશે. ગૌતમ રંકાએ માહિતી આપી હતી કે શ્રી નાકોડા પાર્શ્વ ભૈરવ દેવને સમર્પિત આ કાર્યક્રમ બીજા વર્ષે પણ ભક્તિભાવથી યોજાઈ રહ્યો છે. તેમણે કહ્યું કે સમાજના તમામ વર્ગોના સમર્થનથી આ કાર્યક્રમ સફળ થઈ રહ્યો છે, અને ભવિષ્યમાં તેને વધુ વિસ્તૃત કરવાની ઇચ્છા છે. જીતુ દોશી અને લોકેશ પુનમિયાએ વ્યક્ત કર્યું કે નાકોડા પાર્શ્વ ભૈરવ દેવના આશીર્વાદથી, તેઓ આવતા વર્ષે વધુ મોટા કાર્યક્રમનું આયોજન કરવાનો ઇરાદો ધરાવે છે, જ્યાં મોટી સંખ્યામાં જૈન પરિવારો અને સંગઠિત કાર્યકરો સક્રિયપણે ભાગ લઈ શકે છે. આ વિશાળ ભજન સંધ્યા ના સંગઠનને યુવા યુવા સંગઠન અને જલવંત ટાઉનશીપના જૈન પરિવારના સભ્યો તરફથી વિશેષ સમર્થન મળી રહ્યું છે. યુવા કાર્યકરો તૈયારીઓમાં સક્રિયપણે સામેલ છે, સેવા અને સમર્પણની ભાવના સાથે કાર્યક્રમની સફળતા સુનિશ્ચિત કરવા માટે અથાક મહેનત કરી રહ્યા છે. યુવા કાર્યકરો ગૌતમ રંકા, દિનેશ કવાડિયા, ભરત કોઠારી, રાજેશ ચપલોટ, સંદીપ ભોગર, અનિલ જૈન, જીતુ દોશી, દિનેશ જૈન, અમૃત જૈન, લોકેશ પુનમિયા, સંતોષ બાફના, વિનોદ ચતરાવત અને જયંતિ જૈન સહિત અનેક કાર્યકરો સહયોગ આપી રહ્યા છે. બધા કાર્યકરો સાથે મળીને વ્યવસ્થા સુવ્યવસ્થિત કરી રહ્યા છે જેથી ભક્તોને કોઈ અસુવિધા ન થાય. આયોજકોએ તમામ ધાર્મિક ભક્તોને આ વિશાળ ભક્તિ સંધ્યામાં હાજરી આપવા અને નાકોડા પાર્શ્વ ભૈરવ દેવના સ્તોત્રો સાંભળવા અને પુણ્યનો લાભ મેળવવા અપીલ કરી છે. આ કાર્યક્રમ માત્ર ધાર્મિક શ્રદ્ધાનું પ્રતીક નથી પણ સામાજિક એકતા અને સહયોગની ભાવનાને પણ મજબૂત બનાવે છે.

# નવયુગ કોલેજના વિદ્યાર્થીઓ સુરત ડિસ્ટ્રીક્ટ બેન્કની મુલાકાતે

**બેંકની વિવિધ કામગીરીનું વિદ્યાર્થીઓએ નિરીક્ષણ કરી સમજણ કેળવી**

સુરત, તા.૨૬

નવયુગ કોમર્સ કોલેજ સુરતના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૨૧/૦૧/૨૦૨૬ બુધવારના રોજ બેન્ક વીઝીટનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓને 'સુરત ડિસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેન્કની નવયુગ શાખામાં વિદ્યાર્થીઓએ બેન્કની વિવિધ કામગીરી ખાતું ખોલવાનીની પ્રક્રિયા, લોન વિભાગ લૉકરની પ્રત્યક્ષ મુલાકાત, ફિક્સ ડિપોઝીટ અંગેની માહિતી, વગેરે અંગેની માહિતી બેન્ક સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવી. વિદ્યાર્થીઓએ તે અંગેના પ્રશ્નો પૂછ્યા અને બેન્ક સ્ટાફ દ્વારા સંતોષપૂર્વક જવાબ આપવામાં આવ્યા. બેન્ક કામગીરીથી પરિચિત થાય તે હેતુથી આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ કાર્યક્રમમાં 'સુરત ડિસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેન્ક' ના સમગ્ર સ્ટાફ નો સહયોગ ખુબજ સરસ રહ્યો અને કોલેજ દ્વારા આ કાર્યક્રમ ના આયોજન ને સફળતાપૂર્વક પર પાડવામાં અર્થશાત્ર વિભાગના હેડ અને કોલેજના પ્રિ. ડો. વિનોદભાઈ એન. પટેલ નો સહયોગ મળ્યો હતો. તેમજ અર્થશાસ્ત્રના અધ્યાપકશ્રીઓ ડો. નયના સુરેજા અને ડો. રૂપેશ દવે બેન્ક મુલાકાત ની કામગીરીમાં જોડાયા હતા.

# ભંગારના ધંધાની સ્પર્ધામાં વેપારી પર લોખંડના સળિયાથી હુમલો

સુરત, તા.૨૬

કડોદરા તારીખ ૨૬ નિયોલ ગામની સીમમાં પથ્થર તોડવાના સ્ક્રેપ ના ધંધાની હરીફાઈ માં અદેખાઈ થી એક વેપારીને તીક્ષ્ણ હથિયાર લોખંડનો સળીયો માથામાં મારી ચાર ઈસમો નાસી ગયા હતા કડોદરા નિલમ હોટલની બાજુમાં સૂર્યદેવ કોમ્પ્લેક્સ માં જેઠા રામ સુકારામ જાટ ઉંમર વર્ષ ૨૯ રહે છે તેઓ મૂળ રાજસ્થાનના વટની છે તેઓ પથ્થર તોડવાના સ્ક્રેપ નો પ્લાન્ટ ચલાવે છે ગઈકાલે નિયોલ ગામની સીમમાં દાદાના દીકરાની ચા નાસ્તાની શ્રી રામદેવ કિરાના સ્ટોર દુકાનો પર હતો બાજુમાં બીજા સ્ક્રેપ માલિક કમાલ કિશોર કૌશલ્યા હાથમાં લોખંડનો સળીયો લઈ તેની સાથે બીજા સ્ક્રેપ પ્લાન્ટના માલિક આશિષ મિશ્રા હાથમાં તીક્ષ્ણ હથિયાર લઈ ધસી આવી તેની સાથે બીજા બે અજાણ્યા ઈસમો એકબીજાને મદદગારી કરી લોખંડનો સળીયો તથા તીક્ષ્ણ હથિયાર મારતા માથાના ભાગે ૧૫ ૧૫ જેટલા ટકા આવેલ તથા હોઠ ઉપર બે ટાકા આવેલ વેપારી ની હાલમાં સીમીમેર હોસ્પિટલમાં સારવાર ચાલુ છે વેપારીની ફરિયાદના આધારે કડોદરા પોલીસે ચાર સામે ધારા ધોરન મુજબનો ગુનો નોંધી વધુ તજવીજ હાથ ધરી છે

# રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલે રૂા.૧૮૮ કરોડના નહેર સુધારણા કામોનું જાત નિરીક્ષણ કર્યું

**૩૫ દિવસના ટૂંકા ગાળામાં નહેરોની મરામત અને ખેડૂતો માટે સુવિધા સભર રસ્તાઓનું નિર્માણ**

સુરત, તા.૨૬

જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે દક્ષિણ ગુજરાતમાં ઉકાઈ-કાકરાપાર કમાંડ વિસ્તાર હેઠળ આવતા સુરત અને નવસારી જિલ્લામાં ચાલી રહેલા નહેર સુધારણા કામોની પ્રત્યક્ષ મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી. દક્ષિણ ગુજરાતના ખેડૂતો માટે જીવાદોરી સમાન આ યોજનામાં ચાલુ વર્ષે અંદાજિત રૂ. ૧૮૮ કરોડના ખર્ચે કુલ ૬૦ જેટલા મહત્વના કામો હાથ ધરવામાં આવ્યા છે. પ્રગતિમાં રહેલા આ કામો અંતર્ગત મંત્રીશ્રીએ કામરેજના વાવ અને ઉંભેળ ખાતે સબ માઈનોર નહેરોના લાઈનીંગ વર્ક, બારડોલીના ધામડોદ લુમ્ભા, તેમજ મહુવા તાલુકાના તરસાડી ગામમાંથી પસાર થતી બ્રાંચ નહેરો અને મેઈન નહેરના લાઈનીંગ તેમજ સ્ટ્રક્ચર વર્કનું નિરીક્ષણ કર્યું હતું.

ખેતીવાડી માટે હાલ પાણીની જરૂરિયાત ન હોવાથી ડિસેમ્બર અને જાન્યુઆરી માસ દરમિયાન આશરે ૩૫ દિવસ માટે નહેરોમાં પાણી બંધ રાખીને આ મરામત કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે, આવી તમામ નહેરોની સાઈટનું મંત્રીશ્રીએ જાતનિરીક્ષણ કર્યું હતું.

મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, નહેર સુધારણા અંતર્ગત કાચી નહેરોની કોન્ક્રીટ લાઈનિંગની કામગીરી કરવામાં આવી રહી છે, જેના કારણે જમીનમાં ઉતરી જતા પાણીનો બગાડ અટકશે અને પાણીના લીકેજની સમસ્યા હલ થશે. આ ઉપરાંત, વર્ષો જૂના અને જર્જરિત થઈ ગયેલા પુલોને તોડીને તેની જગ્યાએ નવા મજબૂત પુલો બનાવવામાં આવી રહ્યા છે તથા નહેરો પરના પાણીના નિયમન માટેના જુના સ્ટ્રક્ચરો અને સાયફનનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. ખેડૂતોને પોતાના ખેતરે જવા-આવવા તથા ખેતપેદાશોના પરિવહન માટે સરળતા રહે તે હેતુથી નહેરોની બાજુમાં પાકા રસ્તાઓ બનાવવાની કામગીરીનો પણ આ પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેનાથી આ રસ્તાઓ મોટરેબલ બનશે.

આ કામગીરી પૂર્ણ થવાથી પાણીનો વ્યય અટકશે અને બચેલું પાણી છેવાડાના (ટેઈલ એન્ડના) ખેડૂતો સુધી તેમના નિર્ધારિત રોટેશન મુજબ પહોંચાડી શકાશે. મંત્રીશ્રીએ કામરેજ તાલુકાની વાવ પિયત મંડળી તેમજ મોરથાણા સિંચાઈ પિયત મંડળીની સાઈટ પર જઈને કામગીરી નિહાળી હતી અને ગુણવત્તા બાબતે સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ મુલાકાત દરમિયાન ધારાસભ્ય શ્રી ઈશ્વરભાઈ પરમાર, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના અધિક સચિવ તેમજ મુખ્ય ઈજનેર શ્રી આર.એમ. પટેલ અને વિભાગના અન્ય અધિકારીઓ તેમજ પિયત મંડળીના હોદેદારો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત શાળા ક્રમાંક ૨૩૧ /૨૩૩ /૩૨૦ આયોજિત ૭૭માં પ્રજાસત્તાક દિવસ ઉજવણી પ્રસંગે લઘુમતી મોરચા, સુરત શહેર ભાજપ ના મહામંત્રી શ્રી બબ્બુભાઇ શેખ, પી. એસ.આઇ. શ્રી જાવેદ સાહેબ, એકતા મંડળ સુરત ના પ્રમુખ શ્રી અબ્દુલ જબ્બારખાન, સામાજિક અગ્રણી શ્રી સાજિદ શાહ તેમજ અન્ય સામાજિક અગ્રણીઓ મુખ્ય અતિથિ તરીકે હાજર રહી વિદ્યાર્થીઓ અને શિક્ષક મિત્રોએ ને ગણતંત્ર દિવસ ઉજવણી પ્રસંગે હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.**

**ગ્લોબલ વિલેજ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જેના પરિણામે મહિલાઓને વ્યવસાયિક રીતે સશક્ત બનવાની દિશામાં આ એક્ઝિબિશન મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે. અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, દુબઈ અને જાપાનના એક્ઝિબિટર્સને પણ જબરજસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. આ એક્ઝિબિશનો માત્ર ખરીદી માટેનું મંચ નહીં, પરંતુ સ્થાનિક તથા રાષ્ટ્રીય સ્તરે વેપાર, સંસ્કૃતિ અને ઉદ્યોગ સાહસિકતાનું જીવંત પ્રતિબિંબ બની રહ્યું છે. આવતીકાલે સોમવારે પણ મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવશે.

**બાળકોના અધિકારો**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ડી.ડી. કાપડિયાએ આયોગની કામગીરી અને કાયદાકીય જોગવાઈઓ વિશે પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપી હતી, જ્યારે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ શ્રી ડી.આર. જોશીએ POCSO અને જે.જે. એક્ટના અસરકારક અમલીકરણ અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જિજ્ઞાબેન સોનીની પેનલ દ્વારા ઓપન હાઉસ ચર્ચા યોજાઈ હતી. બીજા અને ત્રીજા સત્રમાં બાળ શ્રમિકોના પડકારો અંગે શ્રી એચ.એસ. ગામિત અને બાળ માનસની સમસ્યાઓ અંગે ડો. નવીનભાઈ પટેલે વક્તવ્ય આપ્યું હતું. આ શિબિરમાં જિલ્લા કલેકટર ડો. સૌરભ પારધી, પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગહલોત, સમાજ સુરક્ષા અધિકારી શ્રી પટેલ, આસિસ્ટન્ટ લેબર કમિશ્નર શ્રી એચ.એસ ગામીત, પ્રાદેશિક માહિતી કચેરીના સંયુક્ત માહિતી નિયામક શ્રી અરવિંદ મછાર, શ્રી કમલેશ રાઠોડ, શ્રીમતી અમૃતાબેન અખિયા, શ્રીમતી વર્ષાબેન પટેલ, બાળ આયોગના સભ્યોએ ઉપસ્થિત રહી પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**રિઝર્વ બેંક**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કાર્યક્રમમાં ધી વરાછા કો-ઓપ. બેંક લિ.ના ચેરમેનશ્રી ભવાનભાઈ નવાપરા, ડિરેક્ટરશ્રી પ્રભુદાસભાઈ પટેલ તથા જનરલ મેનેજરશ્રી વિઠ્ઠલભાઈ ધાનાણી દ્વારા RBIના અધિકારીશ્રીઓનું પુષ્પગુચ્છ અને સ્મૃતિપુસ્તક અર્પણ કરી સન્માન સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે RBIના છ્ર શ્રી સુધીર ટીગરેજી ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં આશરે ૨૫૦થી વધુ નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કાર્યક્રમને ખૂબ સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.

**શ્રીમતી શાલિની**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કરવાની તક મળી હતી. હવે મને પાવર અને એનર્જી સેકટરમાં સમગ્ર ગુજરાતની કામગીરી કરવાની તક મળી છે. ગુજરાતમાં જ મહિલા આઈએસ ઓફિસરને આવી તક મળી શકે છે.

સુરતને ત્રણ વર્ષ દરમિયાન જે એવોર્ડ મળ્યા છે તે બધા નાગરિકોના છે, અમે અધિકારીઓ તો માત્ર એને સ્વીકારવા જઈએ છીએ તેમ કહીને તેમણે બધા એવોર્ડ પ્રજાને સમર્પિત કર્યા હતા. પ્રજાની ભાગીદારી, પોઝિટિવ એટીટ્યુડ અને વિઝનને કારણે સુરતને આ તમામ એવોર્ડ પ્રાપ્ત થયા છે. સુરત એ ગ્લોબલ સિટી છે. સુરતના લોકોમાં ઈન્ટરનેશનલ એક?સપ્લોઝર જોવા મળે છે.

તેમણે કહ્યું કે, સુરત શહેર સમગ્ર ભારતમાં ટીપી (ટાઉન પ્લાનિંગ) ઈમ્પ્લિમેન્ટેશનમાં પણ લીડ કરી રહ્યું છે. ટીપીનો ડેવલપમેન્ટ પ્લાન બનાવવાનું કામ સૌથી અઘરું હોય છે પણ સુરતમાં ખૂબ જ સરળતાથી ટીપી બની જાય છે, મંજૂર થઈ જાય છે અને એનું અમલીકરણ પણ સરળતાથી થઈ જાય છે, જેના કારણે રોડ—રસ્તા, બીઆરટીએસ, સર્વિસ લાઈન, ફૂટપાથ, ગ્રીન કોરિડર, ફલાયઓવર બ્રિજ, ગાર્ડન, પબ્લિક હેલ્થ સેન્ટર અને સ્કૂલ વગેરે સુવિધાઓ સરળતાથી બનાવી શકાય છે. સુરતમાં લોકો, એડમિનિસ્ટ્રેટિવ અને ઈલેકટીવ વિંગ ત્રણેય જ્યારે એક જ મેજ ઉપર હોય ત્યારે શહેર કેવી રીતે છલાંગ મારી શકે એનું જીવંત મોડલ એ સુરત શહેર છે. સુરતમાં ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન બનાવવામાં આવ્યો છે, જેના દક્ષિણ ગુજરાતના નોડલ ઓફિસર તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી છે, આથી તેઓ સુરતથી બદલી પામ્યા બાદ પણ ચેમ્બર ઓફ કોમર્સની સાથે સતત સંપર્કમાં રહેશે તેમ કહીને ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાનના અમલીકરણ માટે તેમણે ચેમ્બરને સહકાર આપવા માટે અનુરોધ કર્યો હતો. ક્લાઈમેટ, ફૂલ્ડ, ઈન્ફ્રાસ્ટ્રક?ચર, સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક?ચર સહિત દરેક ક્ષેત્રમાં મને ખૂબ જ શીખવાની તક મળી છે. સુરતમાં દરેક લોકો પાસે ઘણું નોલેજ છે અને તેમના અનુભવ પરથી ઘણું બધું શીખવાની તક મળી છે, જેથી મારું નોલેજ પણ વધ્યું છે એવું તેમણે કહ્યું હતું. સુરતમાં ૮૫ લાખની વસ્તીમાં રૂપિયા ૧૦,૦૦૦ કરોડનું બજેટ મહાનગરપાલિકાનું બને છે. શહેરો જ્યારે પ્રગતિ કરશે ત્યારે દેશનો જીડીપી પણ વધશે.

શ્રીમતી શાલિની અગ્રવાલે વધુમાં કહ્યું કે, પ્રેક્ટિકલ અનુભવ હોય અને બિઝનેસ માટેના ગટ્સ હોય તો પછી ડીગ્રી વિગેરે મેટર નથી કરતી. તમારા લાઈફ માટે શું એટીટ્યુડ છે, રિસ્ક લેવાનું અને નવા — નવા ઈનિશિએટીવ લેવાનું કેટલું એટીટ્યુડ છે તે મેટર કરે છે. સુરતના લોકો બીજા શહેરોમાં અને દેશોમાં જઈને રિસર્ચ કરે છે અને સુરતમાં કંપની શરૂ કરી અન્ય લોકોને રોજગારી આપે છે. સુરતના ઉદ્યોગ સાહસિકો એકવાર જે કામ લઈ લે છે તેમાં શીખીને ટોચ પર પહોંચી જાય છે, આ બાબત હું સુરતથી શીખીને જાવું છું અને મારા બાળકોને પણ આવું એટીટ્યુડ જીવવાની સલાહ આપીશ. તેમણે વધુમાં કહ્યું હતું કે, મેટ્રો, બુલેટ ટ્રેન, એમએમટીએચ જેવા ઘણા બધા આઈકોનિક પ્રોજેક્ટ માટે કામ કરવાની તક મળી છે. સુરતના લોકો ટ્રાવેલ કરતા હોવાથી તેઓનું એક્સપ્લોઝર વધે છે અને ઘણું શીખવા પણ મળે છે. વ્યક્તિગત રીતે પણ સુરતના શહેરીજનો પાસેથી ખૂબ જ શીખીને જાઉં છું એવું તેમણે વધુમાં કહ્યું હતું.

**હરિપુરા ગામે**
**પેજ-૨ પાનાનું ચાલુ**

પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ભાવિનીબેન પટેલે જણાવ્યું હતું કે, નેતાજીએ વિદેશમાં રહીને ભારતની આઝાદી માટે જે સંઘર્ષ કર્યો તે અવિસ્મરણીય છે. તેમણે ૧૯૩૮ના હરિપુરા અધિવેશનમાં નેતાજીનું સ્વાગત ૫૧ શણગારેલા બળદોથી શણગારેલા રથમાં કરવામાં આવ્યું હતું. પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્રના નાયબ નિયામક પવન અમરાવતે સમગ્ર આયોજનની રૂપરેખા આપી હતી અને જિલ્લા યુવા વિકાસ અધિકારી રાધિકા લાઠિયાએ આભાર વિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શૈલેષભાઈ વડવાએ કર્યું હતું.

સાંસ્કૃતિક અને નાટ્ય પ્રસ્તુતિથી નેતાજીનું જીવનચરિત્ર જીવંત થયું નાટક 'નેતાજી ઝિંદા હૈ' નામના જોધપુરની અભિનય ગુરુકુલ સંસ્થાના નાટકે દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ત્વિશા વ્યાસ અને અમી પટેલના ગ્રુપએ દેશભક્તિના ગીતો અને નૃત્યો રજૂ કર્યા હતા. વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિડિઓ સંદેશને સૌએ નિહાળ્યો હતો.

**ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

સ્ટ્રેટેજી પર ભાર મૂક્યો હતો.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી સંજીવ ગાંધીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, આ સત્રથી ઈનબાઉન્ડ બિઝનેસ કેવી રીતે વધારવો એ સમજવા મળશે. તેમણે વક્તાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની હોસ્પિટાલિટી, ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ કમિટીના ચેરમેન શ્રી વિનેશ શાહે આ કાર્યક્રમના હેતુ અને પ્રવાસન ઉદ્યોગના વર્તમાન પ્રવાહો વિશે માહિતી આપી હતી. તેમણે ઈનબાઉન્ડ, આઉટબાઉન્ડ અને ડોમેસ્ટિક ટુરિઝમનો તફાવત સમજાવતા કહ્યું કે, વિદેશી નાગરિકો આપણે ત્યાં આવે એ ઈનબાઉન્ડ ટુરિઝમ. શ્રી વિનેશ શાહે આભારવિધિ પણ કરી હતી. હોસ્પિટાલિટી, ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ કમિટીના સભ્ય સુશ્રી આશિતા જરીવાલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સેમિનારના અંતે પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું. આ પ્રસંગે હોસ્પિટાલિટી, ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ કમિટીના કો-ચેરમેન શ્રી આશિષ શાહ, સુરતના ટ્રાવેલ એજન્ટો અને આ ક્ષેત્ર સાથે સંકળાયેલા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**શહેરની એમટીબી**
**પેજ-૨ પાનાનું ચાલુ**

વિધાનસભાઓના ચૂંટણી અધિકારીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ, બી.એલ.ઓ, ઈ.એલ.સી. નોડલ તેમજ નાયબ મામલતદારોને પ્રશસ્તિપત્ર અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા, તેમજ ૧૮ વર્ષ પૂર્ણ કરેલા નવા નોંધાયેલા યુવા મતદારોને મહાનુભાવોના હસ્તે મતદાર કાર્ડનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ડે.મ્યુ. કમિશનરશ્રીએ ૧૬ વર્ષ પહેલાં શરુ કરાયેલા રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણીનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે પ્રેરણાદાયી શબ્દો દ્વારા સ્વતંત્ર ભારતને મળેલી લોકશાહીનું ગૌરવ જાળવવા દરેક નાગરિકને તેમનાં વિશેષ મતાધિકારનો ઉપયોગ કરી સશક્ત રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી થવાં આહવાન કર્યું હતું.

તેમણે સુરત જિલ્લામાં SIR સહિતની ચૂંટણી પ્રક્રિયામાં નિર્ણાયક ભૂમિકા ભજવતાં ERO, AERO, BLO સુપરવાઈઝર, BLO તેમજ અન્ય અધિકારી/કર્મચારીઓનાં કાર્યની સરાહના કરી હતી. ભારતીય ચૂંટણી પંચ અને લોકો વચ્ચે અસરકારક માધ્યમ બનવાં અભિનંદન પાઠવવાની સાથે જ તેઓને સતત ૩E'S-(એજ્યુકેટ, એમ્પાવર અને એનરોલ) ને મધ્યમાં રાખી કાર્ય કરવા તેમજ વધુમાં વધુ મતદાતાઓને જાગૃત કરવાં માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કહ્યું કે, પ્રત્યેક નાગરિકે દેશના ઉજ્જવળ ભાવિ ઘડવા અને સ્વસ્થ લોકશાહી માટે કોઈપણ પૂર્વગ્રહ અને ડર વિના અચૂક મતદાન કરવું જોઈએ. ખાસ કરીને યુવા મતદારોને મતદાન પ્રત્યે જાગૃત બનીને મતદાન કરવા અને અન્યોને પણ પ્રેરણા આપવી જોઈએ એવો મત વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એ.એચ.ચૌધરીએ દરેક નાગરિકના મતનું મહત્વ અને રાષ્ટ્રના ભાવિ નિર્માણની ક્ષમતાને પ્રતિબિંબિત કરતી આ વર્ષની 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણીની થીમની સમજણ આપી હતી. સાથે જ લોકોને સજાગ, જવાબદાર અને ગૌરવશાળી મતદાર બની ભારતીય લોકતંત્રને વધુ મજબુત બનાવવાની અપીલ કરી હતી. આ પ્રસંગે મતદાર નોંધણી અધિકારી સર્વશ્રી વી.કે.પીપળીયા, એ.પી.ગોહિલ, કૃતિકા વસાવા, જીજ્ઞા પરમાર, જિ.એ.પટેલ ERO, AERO, નાયબ મામલતદારો, નોડલ ઓફિસરો, બીએલઓ, સુપરવાઈઝર સહિત નવા મતદારો તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સૌએ સામૂહિક 'મતદાતા પ્રતિજ્ઞા' લીધી હતી.

**પહેલા પાનાનું ચાલુ**
**જમ્મુ કાશ્મીરમાં**

તાપમાનમાં ૫-૬ઝ સુધીનો ઘટાડો થવાની સંભાવના છે.

રાજસ્

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી

૭૭ મું
પ્રજાસત્તાક પર્વ
રાજ્ય મહોત્સવ
૨૬ જાન્યુઆરી, ૨૦૨૬
વાવ-થરાદ

સુશાસનના સંકલ્પ સાથે... જનકલ્યાણના સેવા યજ્ઞ માટે... સમર્પિત અને સતત કાર્યશીલ સરકાર...

અમે, માનનીય વડાપ્રધાન
**શ્રી નરેન્દ્ર મોદી**ના
**'વિકસિત ભારત' ના સ્વપ્નને** સાકાર કરી દેશની લોકશાહીને વધુ ઉન્નત બનાવવાનો સંકલ્પ કરીએ છીએ
**૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાજ્ય મહોત્સવમાં**
માનનીય રાજ્યપાલ
**શ્રી આચાર્ય દેવવ્રત**ના
વરદ્‌હસ્તે

# ધ્વજવંદન સમારોહ

તારીખ: ૨૬ જાન્યુઆરી ૨૦૨૬, સોમવારના રોજ યોજાયો
સ્થળ: હેલિપેડ ગ્રાઉન્ડ, નવી કોર્ટ સામે, મલુપુર, તા. થરાદ, જિ. વાવ-થરાદ

પ્રેરક ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી શંકરભાઈ ચૌધરી**
માનનીય અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા

- VGRC-કચ્છ-સૌરાષ્ટ્ર રીજનલ સમિટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે સીમાચિહ્નરૂપ સાબિત થઈ
- રાજ્યના ૨૫ હજારથી વધુ સ્વ-સહાય જૂથોની ૨.૫ લાખથી વધુ મહિલાઓને ₹૪૫૦ કરોડની સહાય અર્પણ
- થેલેસેમિયા નાબૂદી માટે ગુજરાત બન્યું રોલમૉડલ, ગુજરાતમાં કુલ ૧૫.૫૦ લાખથી વધુ નાગરિકોના થેલેસેમિયા ટેસ્ટ કરાયા
- ભક્તિમય માહોલ સાથે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'નું ઐતિહાસિક આયોજન
- રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડથી દૈનિક ૩૨૦ કરોડ લિટર પાણીનું વિતરણ
- સાણંદમાં એન્ડ ટુ એન્ડ OSAT ફૅસિલિટીનો પ્રારંભ
- ગુજરાત નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પાંચમી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' બન્યું
- ટ્રાઇબલ જિનોમ સિક્વન્સિસનો પ્રોજેક્ટ લૉન્ચ કરવામાં ગુજરાત અગ્રેસર

આવો, આપણે સૌ સ્વર્ણિમ ભારતના વારસા અને વિકાસનું ગૌરવ લઈએ, બંધુત્વ અને સમાનતાની ભાવનાને વધુ મજબૂત બનાવીએ

"પ્રજાસત્તાક પર્વે, આવો આપણે સૌ સાથે મળીને લોકશાહીના મૂલ્યોને વધુ સુદૃઢ બનાવીએ.
'હર ઘર સ્વદેશી' ના મંત્રને જીવનમાં ઉતારીને 'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત @૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા કટિબદ્ધ બનીએ."

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

વોકલ ફોર લોકલ

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : CMOGujarat CMOGujarat CMOGujarat CMOGujarat